सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૩૦ / ૦૯/ ૨૦૧૯ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૩૦ / ૦૯/ ૨૦૧૯ | | |
| ફેંસલ તારીખ | ૦૭/ ૦૩ / ૨૦૨૬ | | |
| | વર્ષ | માસ | દિવસ |
| સમયગાળો | **૦૬** | **૦૫** | **૦૭** |

**મહેસાણાના સ્પેશ્યલ કોર્ટ (એટ્રોસીટી) અને ત્રીજા એડીશ્નલ સેશન્સ સાહેબશ્રીની કોર્ટ, એટઃ–વિસનગર સમક્ષ**

**જજમેન્ટ તારીખઃ– ૦૭ / ૦૩ /૨૦૨૬**
**<u>સ્પે. એટ્રોસીટી કેસ નં.૧૩/૨૦૧૯.</u>**
**આંકઃ–.**

**વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન ફ. ગુન્હા રજીસ્ટ્રેશન નં.૬૨/૨૦૧૯થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(બી)(ડી)(૧), ૫૦૬(૧) તથા એટ્રોસીટી એક્ટની કલમ–૦૩(૧)(ઇ)(ડબલ્યુ)(૧)(૨), ૦૩(૨)(૫–એ) મુજબ..**

| | |
|---|---|
| **ફરિયાદી** | શ્રી સરકાર |
| **પ્રોસીક્યુશન તરફે** | **વિદ્વાન એડિશ્નલ પી.પી.શ્રી જે. બી. રાજપુત.** |
| **આરોપીઃ–** | **૧. સરદારજી S/o અજમલજી ચેલાજી ઠાકોર,**<br>ઉ.વ.આ.– ૧૮, (જન્મ તા.૨૭–૦૬–૨૦૦૧)<br>રહે.– વિષ્ણુપુરા (ખરવડા),<br>તા.– વિસનગર, જી.– મહેસાણા. |
| **આરોપી તરફે** | **વિદ્વાન વકીલ શ્રી એચ. આર. પઠાણ. (લીગલ)** |

**ગુનાનો ચાર્જઃ– ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(બી)(ડી)(૧), ૫૦૬(૧) તથા એટ્રોસીટી એક્ટની કલમ–૦૩(૧)(ઇ)(ડબલ્યુ)(૧)(૨), ૦૩(૨)(૫–એ) મુજબ..**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખઃ– | ૨૧–૦૭–૨૦૧૯ |

| | |
|---|---|
| એફ.આઇ.આર.ની તારીખઃ– | ૨૧–૦૭–૨૦૧૯ |
| ચાર્જશીટની નકલઃ– | ૧૯–૦૯–૨૦૧૯ |
| ચાર્જફ્રેમ કર્યાની તારીખઃ– | ૨૩–૦૯–૨૦૧૯ |
| પુરાવો લીધા તારીખઃ– | ૨૪–૦૯–૨૦૨૧ |
| જજમેન્ટ માટે મુક્યા તારીખઃ– | ૦૩–૧૨–૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ, જો હોય તોઃ– | ––––– |

| નંબર | આરોપી નું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુક્ત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઇ | ફરમાવેલ સજા | ક્રી.પો કોડ ની કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ દર. અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **સરદારજી S/o અજમલજી ચેલાજી ઠાકોર,** | ૨૧–૦૭–૧૯ | ૦૬–૦૮–૧૯ | ભારતીય દંડ સંહિતા નીકલમ–૩૫૪(બી)(ડી)(૧),૫૦૬(૧) તથા એટ્રો.એક્ટની કલમ–૦૩(૧)(ઇ)(ડબલ્યુ)(૧)(૨), ૩(૨)(૫–એ) મુજબ.. | **સજા** | –– | –– |

## ––// જ જ મે ન્ટ //––

(૧).. આ કામના આરોપી વિરૂધ્ધ **વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન ફ. ગુન્હા રજીસ્ટ્રેશન નંબર–૬૨/૨૦૧૯ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(બી)(ડી)(૧), ૫૦૬(૧) તથા એટ્રોસીટી એક્ટની કલમ–૦૩(૧)(ઇ)(ડબલ્યુ)(૧)(૨), ૦૩(૨)(૫–એ) મુજબ**નો ગુનો નોંધાયેલ છે, જે ગુના સબબ આરોપી જામીન મુક્ત છે.

(૨).. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ

કામના આરોપીએ તા.૨૧–૦૭–૨૦૧૯ ના રોજ આ કામના ભોગ બનનાર સવારે ૦૮–૩૦ વાગ્યાના સુમારે આ કામના ફરિયાદી બહેન પોતે મધુરમ ડેરીમાં ચાલતા મજુરીએ જતા હતા તે દરમ્યાન આ કામના આરોપી આ કામના ફરિયાદીની પાછળ પાછળ જઈ ફરિયાદી અનુસુચિત જાતિના હોવાનું જાણતા હોવા છતાં ફરિયાદીને રોડની બાજુમાં આવેલ બાવળની ઝાડીમાં ખેચી લઈ જઈ તેણીના કપડાં ઉતારી ફરિયાદીએ પહેરેલ જાંગીયો તોડી નાખી તેના ઉપર ગુનાહિત બળ વાપરી તેની ઈજ્જત લેવાની કોશીશ કરતાં ફરિયાદીએ બુમાબુમ કરતાં સાહેદ નંબર–૦૬ અને ૦૭ નાઓ આવી જતાં આરોપી નાસી ગયેલા. આ બનાવ બાબતે કોઈને વાત કરીશ તો જાનથી મારી નાખવાની ધમકીઓ આપી અનુસુચિત જાતિ અત્યારચારનો ગુનો કરી, **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(બી)(ડી)(૧), ૫૦૬(૧) તથા એટ્રોસીટી એક્ટની કલમ–૦૩(૧)(ઈ)(ડબલ્યુ)(૧)(૨), ૦૩(૨)(૫–એ)** મુજબનો ગુનો કરેલ તે મુજબની ફરિયાદીએ ઉંઝા પોલીસ સ્ટેશને નોધાવેલ છે.

(૩).. સદરહુ ફરિયાદ સબબ તપાસ કરનાર અમલદારે ફરિયાદીના સાહેદોના નિવેદનો લઈ તથા સ્થાનીક જગ્યા અને આરોપીની શરીર સ્થીતીના પંચનામાં કરી, મેડીકલ તપાસ કરાવી, આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં અને ફરિયાદી અનુસુચિત જાતીના હોવાનું તેમજ આરોપી અનુસુચિત જાતી કે જનજાતીના હોવાનું તપાસમાં ખુલતાં આરોપી વિરૂધ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(બી)(ડી)(૧), ૫૦૬(૧) તથા એટ્રોસીટી એક્ટની કલમ–૦૩(૧)(ઈ)(ડબલ્યુ)(૧)(૨), ૦૩(૨)(૫–એ)** મુજબનાના ગુન્હા અંગેનું ચાર્જશીટ સ્પેશ્યલ કૉર્ટ વિસનગર ખાતે રજુ કરેલ છે.

(૪).. આરોપીને ધોરણસર પ્રોસેસની બજવણી થતા, પોતાના વિદ્વાન વકિલ સાથે મુદતે હાજર થતાં, આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ હેઠળ પોલીસ પેપર્સની નકલો મળી

ગયાની ખાત્રી કરેલ. વિદ્વાન એડિશ્નલ પબ્લીક પ્રોસીક્યુટરે ક્રિમિનલ પ્રોસેજર કોડની કલમ–૨૨૬ અન્વયે કેસ ઓપન કર્યા બાદ કેસ પેપર્સ વંચાણે લઈ આરોપી ઉપર **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(બી)(ડી)(૧), ૫૦૬(૨) તથા એટ્રોસીટી એક્ટની કલમ–૦૩(૧)(ઈ)(ડબલ્યુ)(૧)(૨), ૦૩(૨)(૫–એ) મુજબ**ના ગુન્હાનું તહોમતનામું **આંક–૦૭** થી ફરમાવવામાં આવેલ. ત્યારબાદ **આંક–૦૮** મુજબ આરોપીની પ્લી રેકર્ડ કરતાં જેમાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે, જેથી ઈન્સાફિ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ ચાલુ ટ્રાયલના કામે મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા આંક–૦૭ લગત તા.૩૦–૧૧–૨૦૨૩ ના રોજ હુકમ કરી આરોપી સામે **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬, ૩૫૪(બી)(ડી)(૧), ૫૦૬(૨) તથા એટ્રોસીટી એક્ટની કલમ–૦૩(૧)(ઈ)(ડબલ્યુ)(૧)(૨), ૦૩(૨)(૫–એ) મુજબ**ના ગુન્હાનું તહોમતનામું આંક–૦૭ થી સુધારેલું તા.૦૪–૦૧–૨૦૨૪ ના રોજ ફરમાવેલ છે તથા તે લગત આરોપીની આંક–૨૭થી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનો કબુલ હોવા ઈનકાર કરેલ છે. ત્યારબાદ આરોપીને ફરિયાદપક્ષના સાહેદોની સુધારેલ તહોમતનામા બાદ આરોપીને વધુ ઉલટતપાસ કરવા હક્ક આપવામાં આવેલ છે. અને ઈન્સાફિ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫).. ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

| **સાહેદ નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ડૉક્ટર, વિક્રમજી જશુજી ઠાકોરની જુબાની. | ૧૧ |
| ૨. | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ, વિઠ્ઠલભાઈ કરશનભાઈ લેઉવાની જુબાની. | ૧૪ |
| ૩. | ભોગબનનારની શરીર સ્થીતીના પંચનામાના પંચ સાહેદ, કાન્તાબેન | ૧૭ |

| | | |
|---|---|---|
| | ઇશ્વરલાલ લેઉવાની જુબાની. | |
| ૪. | સાહેદ, મીનાબેન પ્રતાપભાઇ ચૌધરીની જુબાની. | ૨૨ |
| ૫. | ભોગબનનારની જુબાની. | ૨૯ |
| ૬. | એ. એસ. આઇ., શીતલબેન રમેશભાઇ સોલંકીની જુબાની. | ૩૩ |
| ૭. | પી.એસ.આઇ., અમરસિંહ કેશરીસિંહ વાઘેલાની જુબાની. | ૩૬ |
| ૮. | ડી. વાય. એસ. પી., જયેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ વાઘેલાની જુબાની. | ૩૭ |

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | મેડિકલ સર્ટીફીકેટ. | ૧૨ |
| ૨. | દર્દીના ઓપીડી કેસ પેપર્સ પેજ નંગ–૦૫. | ૧૩ |
| ૩. | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૧૫ |
| ૪. | ભોગબનનારની શરીર સ્થીતીનું પંચનામું. | ૧૮ |
| ૫. | મુદ્ધામાલ આર્ટીકલ નંબર–૦૨ની પંચ સ્લીપ. | ૧૯ |
| ૬. | ફરિયાદ. | ૩૦ |
| ૭. | સી.આર.પી.સી.ની કલમ–૧૬૪ અન્વેયનું નિવેદન. | ૩૧ |
| ૮. | સ્ટેશન ડાયરીની નકલ. | ૩૪ |
| ૯. | ડેપ્યુટ હુકમ. | ૩૫ |
| ૧૦. | દવાખાના વર્ધી. | ૩૮ |
| ૧૧. | કલમ વધારાનો રીપોર્ટ. | ૩૯ |
| ૧૨. | ગુનો રજીસ્ટર્ડ કરવાનો રીપોર્ટ. | ૪૦ |
| ૧૩. | ભોગબનનારનું જાતિનું પ્રમાણપત્ર. | ૪૧ |
| ૧૪. | ફરિયાદીનું જાતિનું પ્રમાણપત્ર. | ૪૨ |
| ૧૫. | ફરિયાદીનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર. | ૪૩ |
| ૧૬. | આરોપીને અટક કરી સ્ટેશન ડાયરીમાં નોધ કર્યાનો રીપોર્ટ. | ૪૪ |
| ૧૭. | આરોપીને કસ્ટડીમાં સંભાળી લેવાનો રીપોર્ટ. | ૪૫ |

**<u>મટીરીયલ્સ ઓબ્જેક્ટસ</u>**

| ક્રમ | મટેરીયલ ઓબ્જેક્ટસ | વર્ણન |
|---|---|---|
| ૧. | રૂમાલ | એક સફેદ કલરનો વાદળી બોર્ડરવાળો રૂમાલ. |
| ૨. | જાંગીયો. | એક ગુલાબી કલરનો કમરે કાળી પટ્ટીવાળો જુના જેવો લંગોટના ભાગેથી ફાટી ગયેલ જાંગીયો. |
| ૩. | પાયજામો | એક આછા ક્રીમ કલરનો જુના જેવો પાયજામો. |

**<u>ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદનઃ–</u>**

(૭).. ત્યારબાદ, ફરિયાદપક્ષ તર્ફે પુરાવો બંધ કરવાની પુરસીસ આપવામાં આવેલ છે. ત્યારબાદ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વધારાનું નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરિયાદપક્ષની તમામ હકીકતોનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ કે, "અમારા ગામમાં જુદી જુદી જ્ઞાતીના લોકોને ડીરોનો ઝધડો ચાલતો હોય તેની ઈર્ષાના કારણે અમારી ઉપર ખોટો કેસ કરેલ છે. " આ સિવાય આરોપીએ સોગંદ ઉપર પુરાવો આપેલ નથી

**<u>દલીલઃ–</u>**

(૮).. વિદ્વાન એડિશ્નલ પબ્લીક પ્રોસીક્યુટર શ્રી જે. બી. રાજપુત નાએ દલીલ કરતાં જણાવેલ છે કે, સદર કામે ફરિયાદી/ભોગબનનારના તથા સાહેદના પુરાવાથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે છે. વધુમાં પોલીસ સાહેદ તથા મેડિકલ ઓફીસર તથા તપાસ કરનાર અમલદારના પુરાવાથી તથા દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળેલ

છે. જેથી આ કામના આરોપીને તહોમતનામામાં ફરમાવ્યા મુજબના ગુનામાં દોષીત ઠરાવી સજા કરવા રજુઆત કરેલ છે.

(૯).. આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી એચ. આર. પઠાણ લીગલ એડવોક્ટનાઓએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપીના પિતા અને ફરિયાદી/સાહેદના પિતા વચ્ચે રાજકીય મતભેદ હોવાના કારણે તથા મધુરમ ડેરીમાં વિવાદ ઉપસ્થીત થતાં ખોટી ફરિયાદ દ્વેષભાવથી આપવામાં આવેલ છે. વધુમાં ફરિયાદી તથા આરોપી એક જ ગામના હોવા છતાં મેડિકલ ઓફીસર રૂબરૂ સારવાર દરમ્યાન ફરિયાદી/ભોગબનનારે તેની સાથે ગુનાહિત કૃત્ય કરનાર તરીકે આરોપીનું નામ આપેલ નથી જે શંકા ઉપસ્થીત કરે છે. વધુમાં ફરિયાદપક્ષે જે સાહેદો તપાસેલા છે તે ફરિયાદીના કુટુંબીજનો છે અને જે સાહેદ મીનાબેન ચૌધરીને તપાસેલા છે તે પણ ફરિયાદી સાથે સબંધ ધરાવતા વ્યક્તિ છે. આમ, કોઇ સ્વતંત્ર સાહેદના પુરાવાથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળેલ નથી. ભોગબનનાર સિવાય કોઇ સાહેદે આરોપીને બનાવ સ્થળે જોયેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ભોગબનનારને થયેલ ઇજાઓ મેડિકલ ઓફીસરે ઉલટતપાસમાં કબુલ રાખ્યા મુજબ કોઇ વ્યક્તિ પડી જાય તો થઇ શકે તે પ્રકારની છે. વધુમાં ખુદ ભોગબનનારે તેણીની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, આરોપી તેણીના ગુપ્ત ભાગ સુધી પહોચી શકેલ ન હોવાનું તેણીએ મેજીસ્ટ્રેટ રૂબરૂ આપેલ નિવેદનમાં જણાવેલ છે. તે સંજોગોમાં આરોપી સામે ઇ.પી.કો. કલમ–૩૭૬ મુજબનો કોઇ ગુનો બની શકે નહી. આમ, આ કામના આરોપીને તેમની સામેના આક્ષેપીત ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ ન હોઇ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

વધુમાં એવી રજુઆત કરેલ છે કે, આરોપી સામે

એટ્રોસીટી એક્ટ અન્વયેનો કોઇ ગુનો બનતો નથી કારણ કે, તેવો ગુનો પુરવાર થવા સબબ કોઇ તત્વો પુરવાર થતા નથી આરોપીએ ભોગબનનાર અનુસુચિત જતિના હોવાની જાણકારી હોય અને તેણીની સાથે કોઇ કૃત્ય કરેલ હોય અને તેના કારણે કોઇ કૃત્ય કરેલાનું કંઇ પુરવાર થતું નથી. આમ એટ્રોસીટી એક્ટની કલમ–૦૩(૧)(ઇ)(ડબલ્યુ)(૧)(૨), ૦૩(૨)(૫–એ) મુજબનો ગુનો પુરવાર થવા સબબના કોઇ તત્વો પુરવાર થતા નથી. આમ, આ કામના આરોપીને તેમની સામેના આક્ષેપીત ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ ન હોઇ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે. તેમની રજુઆતના સમર્થનમાં નામદાર હીમાચલ પ્રદેશ હાઇકૉર્ટનો ચુકાદો Vijay Kumar vs The State of H.P. 2009 0 Supreme(HP) 208 ઉપર આાધર રાખેલ છે.

(૧૦).. ફરીયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ, ફરીયાદ પક્ષનો કેસ તથા બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો ધ્યાને લેતા આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ

–// **<u>મુદ્દાઓ</u>** //–

(૧). શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે,તા.૨૧–૦૭–૨૦૧૯ના રોજ ભોગબનનાર/ફરિયાદી સવારે ૦૮– ૦૦ વાગ્યાના સુમારે મધુરમ ડેરીમાં ચાલતા મજુરીએ જતા હતા તે દરમ્યાન ખરવડા ગામની સીમમાં થુમથલથી ઉદલપુર જતા રોડ ઉપર મધુર ડેરીથી આશરે ૧૦૦ મીટર દુર હતા ત્યારે આરોપીએ ભોગબનનારની પાછળ પાછળ જઇ તેણીને રોડની બાજુમાં આવેલ બાવળની ઝાડીમાં ખેચી લઇ જઇ તેણીના ઉપર શારીરિક હુમલો કરી તેણીના ઉપર

ગુનાહિત બળ વાપરી તેની ઈજ્જત લેવાની કોશીશ કરતાં ભોગબનનારએ બુમાબુમ કરતાં આરોપીએ તેના ખીસ્સામાંથી સફેદ રૂમાલ કાઢી ભોગબનનારના મોઢામાં ડુચો મારી દીધેલ અને ભોગબનનારના પાયજામાનું નાળું તોડી નાખી પાયજામો નીચે ઉતારી દીધલ, ભોગબનનારે પહેરેલ નીકરમાં હાથ નાંખી નીકરના ગુપ્ત ભાગેથી ફાડી નાખેલ અને ભોગબનનારને મોઢામાં ડુચો કાઢી બુમાબુમ કરતાં આજુબાજુમાંથી લોકો આવી જતાં, આ બનાવ બાબતે ભોગબનનાર કોઈને વાત કરીશ તો જાનથી મારી નાખવાની ધમકીઓ આપી આરોપી નાસી ગયેલા તેમ કરી આરોપીએ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬, ૩૫૪(બી)(ડી)(૧), ૫૦૬(૨)** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો અત્રેની કૉર્ટની હકુમતમાં કરેલ છે ?

(૨). શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ બનાવ સમયે, સ્થળે અને તારીખે ભોગબનનાર અનુસુચિત જાતિની હોવાનું જાણતો હોવા છતાં તેમની સાથે અનુસુચિત જાતિ અત્યાચારનો ગુનો કરી, **એટ્રોસીટી એક્ટની કલમ–૦૩(૧)(ઈ)(ડબલ્યુ)(૧)(૨), ૦૩(૨)(૫–એ) મુજબ**નો શિક્ષાને પાત્ર ગુનો અત્રેની કૉર્ટની હકુમતમાં કરેલો છે ?

(૩). શું હુકમ?

**(૧૧)..** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧). અંશતઃ હકારમાં.

(૨). નકારમાં

(૩). આખરી હુકમ મુજબ.

(૧૨).. ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

**// કા ર ણો //**

**મુદ્દા નંબર–૦૧ થી ૦૨ ની ચર્ચાઃ–**

**ભોગબનનારની જુબાનીઃ–**

(૧૩).. ફરિયાદપક્ષે **આંક–૨૯થી(પી.ડબલ્યુ નંબર–૦૫) ભોગબનનારને તપાસેલ છે.** ફરિયાદપક્ષનો કેસ મુખ્યત્વે ભોગબનનારની જુબાની પર નિર્ભર છે. આ સંજોગોમાં ભોગબનનારની જુબાની આધારીત આ કેસ હોઇ તેણીની જુબાનીનું મુલ્યાંકન કરવામાં સરળતા રહે તેમજ ચુકાદો વાંચનારને પણ સમજવામાં અનુકુળતા રહે તે હેતુ થી ભોગબનનારની જુબાની શબ્દસઃ અત્રે ટાંકવી જરૂરી અને આવશ્યક જણાય છે. જે નીચે મુજબ છે.

" હુ મારા માતા પિતા સાથે મોજે ખરવડા ગામે રહુ છુ અને મારા પપ્પા ખેત મજુરી કરે છે. મારી જન્મ તારીખ–૨૦/૧૨/૧૯૯૯ ના રોજની છે. હુ ધોરણ–૧૦ નાપાસ છુ. મારી મમ્મી તથા હું ખરવડા તથા થુંમથલ વચ્ચે આવેલ મધુરમ ડેરીમાં નોકરી કરીએ છીએ. હું અનુસુચિત જાતિની છુ.

(૨) તારીખ–૨૧/૦૭/૨૦૧૯ ના રોજ હું સવારે ઘેરથી ચા પાણી કરીને આઠ વાગે ઘરેથી નોકરી જવા માટે નીકળી હતી. હું ખરવડા થી થુંમથલ રોડ પર આવેલી મધુરમ ડેરીમાં નોકરી માટે ચાલતી જતી હતી અને તે વખતે હુ એકલી હતી. ડેરીથી આશરે સો મીટર જેટલુ હુ દુર હતી તે વખતે સરદારજી અજમલજી સાઈકલ લઈને મારી આગળ આવ્યા પછી તેણે સાયકલ મારાથી દશેક મીટર દુર સાયકલ ઉભી રાખી પછી તેણે મને સીધી પકડીને બાવળીયાની ઝાડીમાં નાંખી એ વખતે તેણે મને પછાડી હતી પછી તેને મારી ઉપર રેપ કરવાનો ટ્રાય કર્યો પછી તેણે મારા મોંઢામાં રૂમાલ દાબી દીધેલો જેથી હુ બુમો પાડી શકેલ

નહી. પછી તેણે મારા પાયજામાનુ નાડુ તોડવા ગયો તે વખતે મે મોંમાથી રૂમાલ નીકાળીને ચીસાચીસ કરેલી. તેણે મારા પાયજામાનું તોડી નાંખી અને નીકરમાં હાથ નાંખી નીકર ફાડી નાંખ્યો અને મારા ગુપ્ત ભાગે હાથ નાંખેલો. જેથી મે બુમાબુમ કરી એટલે એક બે ખેતર છોડીને આવેલા ખેતરમાં ચાર લેવા આવેલા ચૌધરી મીનાબેન પ્રતાપભાઈ અને ઠાકોર કાન્તાબેન જેમના પિતાનું નામ મને ખબર નથી તેઓ ત્યાં આવી ગયેલા અને તેઓએ આવીને મને બચાવેલી અને આ લોકો મને બાવળની ઝાડીમાંથી બહાર લાવેલા અને મારુ બી.પી. ઘટી ગયેલુ અને હુ બેહોશ થઈ ગયેલી અને ગભરાઈ ગયેલી. જેથી મધુરમ ડેરીના માણસોએ મારા મમ્મી પપ્પાને ફોન કરેલો અને ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવેલી પછી મારા મમ્મી પપ્પા ત્યાં આવી ગયેલા અને ૧૦૮ એમ્બ્યુલન્સ પણ આવી ગયેલી. જેમાં મારી સારવાર ચાલુ અને મને તેમાં બેસાડી વિસનગર સીવીલ હોસ્પીટલમાં લાવેલા, જયાં મને બોટલ ચઢાવેલી અને મારી મેડીકલ ચકાસણી કરેલી. આ બનાવમાં મને કમરના ભાગે અને સાથળના ભાગે આરોપીના નખથી ઈજા થયેલી. બનાવ વખતે આરોપીએ મને પછાડી દીધેલી જેથી મને કમરના ભાગે ક્રેક આવેલ અને હુ પાંચ છ મહીનાથી અપંગની જેમ ચાલતી હતી અને હાલ પણ મને દુખાવો થાય છે. પોલીસને મે ગુનાવાળી જગ્યા બતાવેલી. પોલીસે બનાવ સમયે મારો પાયજામો અને અંડરવીયર બે જ કપડા કબજે કરેલા. જેમાં ગુલાબી કલરનો નીકર હતો અને પાયજામો ક્રિમ કલર જેવો હતો. મને મુદામાલ કપડા બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ. સાહેદને આજરોજ મુદામાલ બતાવતા સાહેદ મુદામાલ પાયજામો અને નીકરને ઓળખી બતાવે છે. આ બે મુદામાલ પૈકી મુદામાલ નીકર ફાટેલો છે. જયારે પાયજામો સહીસલામત છે જેમા નાડુ નથી. વધુમાં મુદામાલ હાથરૂમાલ બતાવવામાં આવે છે જે હાથરૂમાલ આરોપીએ બનાવ વખતે વાપરેલ અને બનાવ સ્થળેથી મળેલો તેવુ ભોગ બનનાર જણાવે છે.

(૩) મને માર્ક–૪/૨ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જેમા મારી સહી છે જે હુ ઓળખુ છુ જેને રજુ **દાખલ આંક–૩૦** આપવામાં આવે છે. ફરીયાદ સાથે મે મારી જાતિ અંગેનું પ્રમાણપત્ર રજુ કરેલુ. આ કામના આરોપી ઠાકોર જ્ઞાતિના છે. પોલીસ મને વિસનગર કોર્ટમાં લાવેલી અને જજ સાહેબ સમક્ષ મે બનાવની હકીકત જણાવેલી. મને સીલબંધ કવર ખોલી સી.આર.પી.સી.ની કલમ –૧૬૪ મુજબનું નિવેદન બતાવવામાં આવે છે જે હુ ઓળખુ છું. જેને રજુ **દાખલ આંક–૩૧** આપવામાં આવે છે. વધુમાં આરોપી રેપ કરવા આવ્યો ત્યારે મને ચપ્પુ બતાવેલુ અને મને તથા ઘરના સભ્યોને મારી નાંખવાની ધમકી પણ આપેલી.

(૪) આરોપીને હું ઓળખુ છુ. જે આજરોજ કોર્ટમાં હાજર છે.

**સર તપાસ પુરી...**

**<u>આરોપી તરફે ઉલટ તપાસ વિધ્વાન વકીલ શ્રી એચ.આર.પઠાણ (લીગલ એઈડ)</u>**

(૫) એ વાત ખરી છે કે આરોપી અને હુ એક જ ગામના છીએ. સાહેદ સ્પષ્ટતા કરે છે કે આરોપી અમારા ગામના પરામાં વિષ્ણુપુરા ખાતે રહે છે અને હુ ગામમાં રહુ છુ. અમારા ગામથી પરુ આશરે એકાદ કીલોમીટર દુર આવેલ છે. એ વાત ખરી નથી કે ગામના પ્રસંગે આરોપીના ઘરવાળા અને અમારા ઘરવાળા ભેગા થાય. એ વાત ખરી છેકે ખરવડા ગામમાં ચૌધરી, લેઉવા, ઠાકોર, રાવળ એમ બધીજ જ્ઞાતિના લોકો રહે છે.

(૬) એ વાતની મને ખબર નથી કે અમારા ગામમાં ઠાકોરો વચ્ચે અને ચૌધરીઓ વચ્ચે ખટરાગ ચાલે છે.

(૭) હુ મીનાબેન ચૌધરીને જન્મથી ઓળખુ છુ. એ વાત ખરી નથી કે આ બનાવ બન્યો તે પહેલા મીનાબેનના પતિ અને આરોપીના પિતા એ બંન્ને વચ્ચે મનદુખ થયેલુ.

(૮) હુ નોકરી કરતી હતી તે વખતે મધુરમ ડેરીમાં આશરે ત્રીસ થી પાંત્રીસ લોકો કામ કરતા હતા. એ વાત ખરી છે કે હુ પેકીંગ વિભાગમાં કામ કરતી હતી. એ વાતની મને ખબર નથી કે મધુરમ ડેરીમાં આરોપીના સગાવ્હાલા પણ નોકરી કરતા હતા. એ વાત ખરી નથી કે આરોપીના સગા અને મધુરમ ડેરીના માણસો વચ્ચે તકરાર થયેલી.

(૯) બનાવ બાદ પાંચેક મીનીટ બાદ મીનાબેને ફોન કરતા મધુરમ ડેરીમાંથી રોનકભાઈ આવેલા બીજા સર પણ આવેલા પણ તેમનુ નામ મને હાલ યાદ નથી, હવે હુ કહુ છુ કે તે બીજા સર આવેલા તે પ્રવિણભાઈ હતા.

(૧૦) ૧૦૮ એમ્બ્યુલન્સ આવી ત્યારે હુ ભાનમાં હતી. એ વાત ખરી છે કે બનાવની સૌપ્રથમ હકીકત મે મીનાબેનને જણાવી અને કાન્તાબેનેને જણાવી અને પછી રોનકભાઈ અને પ્રવિણભાઈ આવતા તેમને જણાવી અને પછી ફેમીલી મેમ્બરને જણાવેલી.

(૧૧) એ વાત ખરી નથી કે પ્રવિણભાઈ અને રોનકભાઈએ ફરીયાદ કેવી રીતે આપવાની તેવુ મને શીખવાડેલુ.

(૧૨) એ વાતની મને ખબર નથી કે બનાવવાળી જગ્યાની બાજુમાં બાબુભાઈ ચૌધરીનું ખેતર આવેલ છે કે કેમ. અમારા ગામની સીમમાં ખડીયાવાળો આંટો આવેલ છે તેની મને ખબર છે. એ વાત ખરી છે કે ખડીયાવાળા આંટાની બાજુમાં એ જ રોડ પર મધુરમ ડેરી આવેલ છે. એ વાત ખરી નથી કે ખડીયાવાળા આંટાથી બુમ પાડતા મધુરમ ડેરીમાં સંભળાય. એ વાત ખરી નથી કે ઉદલપુરનો રોડ અને ખડીયાવાળો આંટો બં ને જુદી જુદી જગ્યાએ આવેલ છે. સાહેદ સ્પષ્ટતા કરે છે કે આ બંને એક જ રોડ ઉપર આવેલ છે.

(૧૩) બનાવ બાદ પોલીસ મને તે જ દિવસે મળેલી. એ વાત ખરી છે કે મને જયારે પોલીસ મળી તે વખતે સુરેખાબેન ઠાકોર, લેઉવા મીનાબેન યોગેશભાઈ, કાંતાબેન ઈશ્વરભાઈ લેઉવા, વિઠલભાઈ

કરશનભાઈ લેઉવા, અમરતભાઈ કાનજીભાઈ ચૌધરી, કાંતાબેન રામાજી ઠાકોર અને રામજીભાઈ રેવાભાઈ લેઉવા હાજર હતા. એ વાત ખરી છે કે ફરીયાદની હકીકત આ લોકોએ ભેગા થઈને લખાવેલી અને મે જણાવેલી.

(૧૪) એ વાત ખરી છે કે અમરતભાઈ કાનજીભાઈ ચૌધરી ગામના સરપંચ છે. એ વાત ખરી નથી કે આરોપીના પિતા અને સરપંચને ચુંટણી બાબતે મનદુખ ચાલતુ હતુ. એ વાત ખરી નથી કે પોલીસે મુદામાલ કપડા મારા માતા પિતા પાસેથી કબજે લીધેલા. એ વાત ખરી નથી કે મને દવાખાને લઈ ગયા તે વખતે હુ બેભાન હતી. હાલ મને એ યાદ નથી કે મે ડોકટર સાહેબ સમક્ષ મે આરોપીનું નામ જણાવેલુ કે કેમ.

(૧૫) પોલીસ મને જજ સાહેબ સમક્ષ નિવેદન લખાવવા સારુ લઈ ગયેલ તે વખતે હુ એકલી હતી અને સાથે સાક્ષીઓ મીનાબેન અને કાંતાબેન પણ આવેલા. જજ સાહેબ રૂબરૂ હુ એકલી ગયેલી. જજ સાહેબ સમક્ષ મને પોલીસ લઈ ગયેલી. એ વાત ખરી નથી કે પોલીસે મને એવુ જણાવેલ કે ફરીયાદ પ્રમાણે નિવેદન આપવાનું છે.

(૧૬) એ વાત ખરી છે કે આરોપીએ ચપ્પુ બતાવ્યાની હકીકત અને આરોપીએ મને લાતો મારયાની હકીકત મે મારી ફરીયાદમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે જજ સાહેબ સમક્ષના નિવેદનમાં મે એવુ લખાવેલ છે કે આરોપી મારા ગુપ્ત ભાગે મને અડી શકેલો નહી.

(૧૭) એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ ડામરનો રોડ છે અને રોડની સાઈડમાં ચાર થી પાંચ ફુટ ઉંડાઈમાં આ જગ્યા આવેલી છે. એ વાત ખરી નથી કે હુ રોડ પરથી નીચે પડી ગઈ માટે મને ઈજાઓ થયેલી. એ વાત ખરી નથી કે સરપંચના આરોપીના પિતા સાથેના ખરાબ સંબંધો હોઈ સરપંચના કહેવાથી આરોપી વિરુધ્ધ ખોટી ફરીયાદ કરેલ છે. “

**(૧૩.૧)..** ભોગબનનારની જુબાનીનું મુલ્યાંકન કરતાં જણાઇ આવે છે કે, તેણીની તા.૨૧–૦૭–૨૦૧૯ ના રોજ સવારે આઠ વાગે તેણીના ઘરેથી નીકળી ખરવડાથી થુમથલ રોડ ઉપર આવેલ ડેરીમાં નોકરી કરવા માટે ચાલતી જતી હતી ત્યારે આ ડેરીથી આશરે સો મીટર દુર ભોગબનનાર હતી ત્યાં હાલનો આરોપી ત્યાં સાયકલ લઇ આવી ભોગબનનારને તેણે સીધી પકડી લઇ બાવળીયાની ઝાડીમાં નાંખી તેને પછાડી તેણીની ઉપર રેપ કરવા ટ્રાય કરી ભોગબનનારને મોઢાના ભાગે રૂમાલ ડાબી દીધેલ. જેથી તેણીને બુમો પાડી શકેલ નહી. વધુમાં આરોપીએ તે સમયે ભોગબનનારના પાયજામાનું નાળું તોડી નાખી, તેણીના નીકરમાં હાથ નાંખી તોડી નાખેલ અને તે સમયે ભોગબનનારે બૂમાબુમ કરતાં બનાવવાળી જગ્યાએથી એક બે ખેતર છોડી ખેતરમાં ચાર લેવા આવેલ સાહેદો ચૌધરી મીનાબેન પ્રતાપભાઇ તથા સાહેદ ચૌધરી કાન્તાબેન આવી જતાં સદર સાહેદોએ ભોગબનનારને ઝાડીમાંથી બહાર કાઢી ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવેલાનું તથા ભોગબનનારે બનાવની સૌપ્રથમ જાણ સાહેદ મીનાબેનને તથા કન્તાબેનને અને ત્યાર પછી રોનકભાઇ તથા પ્રવિણભાઇ અને તેણીના ઘરના સભ્યોને કરેલાનું જણાઇ આવે છે.

**(૧૩.૨)..** ભોગબનનારએ તેણીની સરતપાસમાં આરોપીએ તેણીના ગુપ્તાંગના ભાગે હાથ નાખેલાનું જણાવેલ છે. જયારે ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, તેણીએ જજ સાહેબ સમક્ષના નિવેદનમાં એવું લખાવેલ છે કે, આરોપી મારા ગુપ્તાંગના ભાગે મને અડી શકેલ નહી. સદર હકીકતના અનુસંધાને ભોગબનનારે એડિ. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ, વિસનગર સમક્ષ તા.૧૫–૦૭–૨૦૧૯ ના રોજ આંક–૩૧થી રજુ આપેલ નિવેદન જોતાં તેમાં જણાવેલ છે કે, "સરદારજીએ મારા પાયજામાનું નાડું ખોલેલ અને પાયજામાની અંદર પહેરેલ નીકર ફાડી નાખેલ અને મારા ગુપ્ત ભાગે હાથ અડાડવા જતો હતો જેથી મે સરદારજીને હાથથી અને લાતોથી માર

મારેલો તેથી તે મારા ગુપ્ત ભાગે અડી શકેલ નહી. "

**(૧૩.૩)..** ઉપરોક્ત હકીકતો જોતાં આરોપી ભોગબનનારના ગુપ્ત ભાગે અડી શક્યો હોય તેવું કંઇ પુરવાર થતું નથી. પરંતુ તે સિવાયની તમામ હકીકતોને ભોગબનનારની જુબાનીથી સમર્થન મળે છે. વધુમાં ભોગબનનારે તેણીના પુરાવામાં જણાવ્યા મુજબ તેણીની અનુસુચિત જાતિની છે. આરોપી ઠાકોર જ્ઞાતિના છે. વધુમાં સદર હકીકત અંગે આરોપી તરફે કોઇ વિરૂધ્ધનું શંકા ઉપસ્થીત થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તે સંજોગોમાં ફરિયાદી/ભોગબનનારે તેણીની જુબાનીમાં જણાવેલ હકીકતો જોતાં તથા તેણીનું જાતિ અંગેનું પ્રમાણપત્ર આંક–૩૦થી રજુ કરેલ છે જે જોતાં ભોગબનનાર શીડ્યુલ કાસ્ટ વણકર જાતિના હોવાનું પુરવાર થાય છે. જ્યારે આરોપી અનુસુચિત જાતિ કે જનજાતિનો ન હોવાનુ પુરવાર થાય છે.

**<u>સાહેદની જુબાનીઃ–</u>**

**(૧૪)..** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૨૨થી સાહેદ, મીનાબેન પ્રતાપભાઇ ચૌધરી (પી. ડબલ્યુ નંબર–૦૪)ને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમણે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ખરવડા ગામે રહે છે અને બનાવના રોજ તેમના ખડીયા વાળા ખેતરમાં તેણી ઘાસ વાઢતી હતી ત્યારે તા.૨૧–૦૭–૨૦૧૯ ના રોજ સવારના ૦૮–૦૦ વાગે તેમના ખેતરમા હતા ત્યારે બાજુવાળા ખેતરમાં કાન્તાબેને બુમ પાડેલી કે ઝાડીમાં કોઇક છોકરીને ભોગબનનારને નિર્વસ્ત્ર કરી નાખેલ હતી. તે વખતે બુમ પાડતાં ઠાકોર સરદારજી નાસી ગયેલ અને તેમણે ભોગબનનારને પુછતાં તેણે કહેલ કે, આ છોકરો અજમલજીનો છે અને તેણે પાયજામો કાઢી નાખેલ અને તેને નીકર પણ કાઢી નાખેલ અને જાંગીયો પણ ફાડી નાખેલ તે મતલબની વાત કરેલી. વધુમાં આ સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેણીએ જણાવેલ કે,

તેણી મધુરમ ડેરીમાં નોકરી જતી હતી તે વખતે પાછળ આવી સદર સરદારજીએ તેને પકડી બાવળની ઝાડીમાં ખેચી ગયેલ અને આબરૂ લેવાની કોશીશ કરેલી. અને સરદારજીએ ખીસ્સામાંથી સફેદ કલરનો રૂમાલ કાઢી મોઢામાં ડુચો મારેલ. ત્યારબાદ બાજુના ખેતરમાંથી મીનાબેન દોડીને આવતાં તે ધમકી આપી જતો રહેલ. ત્યારબાદ ૧૦૮ બોલાવીને દવાખાને લઈ ગયેલ અને પોલીસને જાણ થતાં પોલીસ આવી ગયેલી. અને તેમનો જવાબ લીધેલો, સદર સાહેદ ભોગબનનાર આરોપીની ઓળખ કરાવેલી. તેમ જણાવી સાહેદે આરોપીને કૉર્ટમાં હાજર હોય ઓળખી બતાવેલ છે.

**(૧૪.૧)..** બચાવપક્ષના વિદ્ધાન વકીલશ્રી દ્ધારા સદર સાહેદની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેઓ છેલ્લા ત્રીસ વર્ષથી ખરવડા રહે છે. રામજીભાઈ રેવાભાઈ લેઉવા, અમરતભાઈ કાનજીભાઈ ચૌધરી, વિઠ્ઠલભાઈ કરશનભાઈ લેઉવા, મીનાબેન યોગેશભાઈ લેઉવા, કાંન્તાબેન ઈશ્વરભાઈ લેઉવાને સારી રીતે ઓળખે છે. પાવળા ખેતરની આજુ બાજુ બીજા ઘણા ખેતરો આવેલા છે. આ ખેતરોમાં લોકો સવારે પણ ખેતી કરે છે અને તે જગ્યાએ જાહેર રોડ પણ આવેલો છે. સવારના સાત વાગ્યાથી લઈને રાત્રીના આઠ વાગ્યા સુધી વાહનોની અવર જવર ચાલુ હોય છે. ખડીયાવાળો આંટો અને ખડીયાવાળું પરું બંને જુદા છે. હવે કહુ છું કે ખડીયાવાળો આંટો જ છે પરું નથી. ખડીયાવાળા આંટાથી પા વાળું ખેતર રોડથી બે વીઘા છોડીને ખેતર આવેલ છે. વધુમાં સદર સાહેદે હકીકત કબુલ રાખેલ છે કે, તેઓ પાળા ખેતરમાં હતી ત્યારે ખેતરમાં હોબાળો થયેલો એટલે તેણી સ્થળ ઉપર ગયેલી. તેમની સાથે ઠાકોર કાંન્તાબેન તે વખતે તેમની સાથે હાજર હતા. તેણી અને કાન્તા બેન જયારે સ્થળ ઉપર ગયા ત્યારે આ ભોગબનનાર ચોકડીઓમાં પડેલ હતી. તે વખતે તેમના ત્રણ સિવાય બીજું કોઈ

હાજર નહોતું. તેમણે રામજીભાઈ રેવાભાઈને જાણ કરેલી. તેમણે રામજીભાઈને જાણ કરેલી તેથી તેમનો પરીવાર આવી ગયેલો અને ઉપર નામ લખાવેલ તે બધા માણસો ત્યાં આવી ગયેલા. રામજીભાઈ, રેવાભાઈ તથા તેમના કુટુંબીજનો ભેગા થઈ આ સદર બનાવની ફરીયાદ આપવાનું નકકી કરેલું. પોલીસે તેમના લખાવ્યા મુજબ નિવેદન લખેલું. તેમણે નિવેદન વખતે પોલીસ પાસે કોમ્પ્યુટર જોયેલ નથી.

(૧૪.૨).. સદર સાહેદે ઉલટમાં એ હકીકનો પણ સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનાર મધુરમ ડેરીમા નોકરી કરતી હતી. એ વાતની તેમને ખબર નથી કે તેણીની કેટલા સમયથી નોકરી કરતી હતી. બનાવવાળી જગ્યાની આગળ જાહેર રસ્તો આવેલો છે અને ત્યાં લોકોની અવરજવર ચાલુ હોય છે. એ વાત ખરી નથી કે બનાવ સ્થળે હુ અને ભોગ બનનાર માત્ર બે જ જણા હાજર હતા. સાહેદ સ્પષ્ટતા કરે છે કે કાંતાબેન પણ હાજર હતા.એ વાતની તેમને ખબર નથી કે બનાવના આગલા દિવસે આરોપી અને ભોગ બનનારના પિતા વચ્ચે ઝઘડો થયેલો. બનાવ સ્થળે તેમનું ખેતર આવેલ છે અને તેવી જ રીતે બીજા લોકોના ખેતરો પણ આવેલા છે.

(૧૪.૩).. સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં સદર સાહેદ સ્વતંત્ર સાહેદ હોવાનું તેણીનો પુરાવો જોતાં જણાઈ આવે છે. સદર સાહેદની સરતપાસ તથા ઉલટતપાસની હકીકતો જોતાં જોતાં સદર સાહેદ તથા સાહેદ કાંતાબેન હોબાળો થતાં સ્થળ ઉપર ગયેલાનું તથા ત્યાં ભોગબનનાર ચોકડીઓમાં પડેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. વધુમાં સદર સાહેદનો પુરાવો જોતાં તેઓ ત્યાં પહોચ્યા ત્યારે ભોગબનનાર, તેણીની તથા સાહેદ કાન્તાબેનએ ત્રણ જ જણા ત્યાં હજર હતા તેમના સિવાય બીજું કોઈ ત્યાં હદર ન હતું. વધુમાં બનાવ તા.૨૧–૦૭–૨૦૧૯ ના રોજ આઠ વાગ્યાના અરસામાં તેણીના ખેતરમાં હતી ત્યારે સાહેદ કાન્તાબેને બુમ પાડતાં

તેણી બનાવના સ્થળે તુરત પહોચેલ તે વખતે ભોગબનનારે બુમો પાડતાં આરોપી ત્યાંથી નાસી ગયેલ. બનાવ સ્થળે ભોગબનનાર ચોકડીઓમાં પડેલી હતી. ત્યાં જઇ સદર સાહેદે ભોગબનનારને પુછતાં તેણીએ જણાવેલ કે, તેણીની મધુરમ ડેરીમાં નોકરી જતી હતી ત્યારે આરોપીએ પાછળ આવી તેણીને પકડી બાવળની ઝાડીમાં ખેચી ગયેલ અને આબરૂ લેવાની કોશીશ કરેલાનું તથા આરોપીએ તેના ખીસ્સામાંથી સફેદ રૂમાલ કાઢી ભોગબનનારના મોંઢે ડુચો મારેલની હકીકતને સમર્થન મળે છે. વધુમાં સદર સાહેદના પુરાવાથી આરોપીએ ભોગબનનારનો પાયજામો કાઢી નાખેલાનું તથા નીકર કાઢી નાખેલાનું તથા જાંગીયો ફાડી નાખેલાની હકીકતને બનાવની તુરત જ ભોગબનનારે પાસેથી જાણેલાની હકીકતને સમર્થન મળે છે. જ્યારે આરોપી તરફે ગુનાવાળી જગ્યાએ લોકોની અવર જવર ચાલુ હોવાનું પુછતાં સદર સાહેદે કબુલ રાખેલ છે. પરંતુ ખુદ આરોપી તરફેની સદર સાહેદની ઉલટતપાસમાં પણ બનાવ સમયે જયારે તેઓ ભોગબનનાર પાસે પહોચ્યા ત્યારે ભોગબનનાર, સદર સાહેદ તથા સાહેદ કાન્તાબેન એમ મળી ત્રણ  સિવાય કોઇ ત્યાં હાજર ન હોવાનું જણાવેલ છે. વધુમાં સાહેદ કાન્તાબેન તથા સદર સાહેદ ભોગબનનારની બુમો સાંભળી બાજુના ખેતરમાં કામ કરતા હતા ત્યાંથી દોડીને આવેલ છે. તે સંજોગોમાં આરોપી તરફે કોઇ મહત્વની વિરોધાભાસી હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વધુમાં આરોપી અને ભોગબનનારના પિતા વચ્ચે વૈમનસ્ય ચાલતું હોવા અંગે આરોપી તરફે સદર સાહેદને પુછવામાં આવેલ છે પરંતુ તેવી કોઇ હકીકતને લેશમાત્ર સમર્થન મળેલ નથી.

**મેડિકલ એવીડન્સઃ–**

(૧૫).. ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે **આંક–૧૧થી ડૉક્ટર, વિક્રમજી જશુજી ઠાકોર (પી. ડબલ્યુ નંબર–૦૧)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાની જોતાં તેમણે

એમ.બી.બી.એસ સુધીનો અભ્યાસ કરેલો છે અને છેલ્લા છ વર્ષથી મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે અને છેલ્લા ત્રણ વર્ષથી વિસનગર સીવીલ હોસ્પિટલ ખાતે ફરજ તે બજાવે છે. તા.૨૧–૦૭–૨૦૧૯ના રોજ તેઓ તેમની મેડીકલ ઓફીસર તરીકેની ફરજ ઉપર હાજર હતા તે સમયે સવારના ૧૦/૩૦ વાગે દર્દીનો લેઉવા ભોગબનનાર ઉ.વ.૨૦ રહે.ખરવડા તા.વિસનગરવાળા પોલીસ યાદી વગર ૧૦૮ દ્વારા તેમના સગા સંબંધીઓ સાથે આવેલા.

**(૧૫.૧)..** વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેમને તપાસતાં તેઓ સભાન અવસ્થામાં હતા. તેમણે હીસ્ટ્રીમાં જણાવેલ કે, તા.૨૧–૦૭–૨૦૧૯ ના રોજ ખરવડા ગામે ડેરીની વચ્ચેની બાજુએ સવારના ૮ થી ૯ ના સમયગાળા વચ્ચે રેપ કરવાની કોશીષ કરવામાં આવેલ છે.

**(૧૫.૨)..** વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓને તપાસતાં ઈજા નંબર–૦૧. ૦.૫ × ૦.૫ લાલ કલરનો ઘસરકો જમણી સાથળના પાછળની બાજુએ જોવા મળેલ છે. માટી અને પાંદડાઓ ગળાના ભાગે તથા બરડાના ભાગે જણાય આવેલ છે. તેઓની પ્રાથમીક સારવાર વિસનગર સીવીલ હોસ્પિટલમાં આપેલી. દર્દીને તે જ દિવસે રજા આપી દીધેલી. આ કામે આંક–૧૨થી મેડિકલ સર્ટીફીકેટ, આંક–૧૩થી દર્દીના ઓપીડી કેસ પેપર્સ તેમજ સારવારના પેપર્સ કુલ પેજ નંગ–૦૫ રજુ કરેલ છે.

**(૧૫.૩)..** બચાવપક્ષે હાથ ધરાયેલ ઉલટતપાસમાં ડૉક્ટરશ્રીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દર્દીને દવાખાને લાવેલ ત્યારે

હૃદયના ધબકારા અને બી.પી. બરાબર હતું. તેમણે મેડિકલ સર્ટીમાં દર્દીને થયેલ ઈજાની એજ ઓફ ઈન્જરી દર્શાવેલ નથી. દર્દીને તેમની પાસે લાવેલ ત્યારે તેમના કપડા ફાટેલ ન હતા. કોઈ વ્યક્તિ ખેતરમાં જતી હોય અને પડી જાય તો ઈજા નંબર–૦૧ અને ૦૨ થઈ શકે.

**(૧૫.૪)..** સદર મેડિકલ ઓફીસરના પુરાવાની મુલ્યાંકન કરતાં હાલનો બનાવ સવારના ૦૮–૩૦ વાગ્યાના અરસામાં બનેલાનું ભોગબનનાર તથ સહેદોના પુરાવામાં જણાવેલ છે તેના બે કલાકના સમય બાદ ભોગબનનારને સવારે ૧૦–૩૦ કલાકે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે લાવતાં તેણીને સદર સાહેદે તપાસેલા છે. સદર સાહેદ સમક્ષ ભોગબનનારે આપેલ હીસ્ટ્રીમાં આરોપીનું નામ જણાવેલ નથી. પરંતુ ભોગબનનારે બનાવ તા.૨૧–૦૭–૨૦૧૯ ન રોજ ખરવડા ગામે ડેરીની વચ્ચેની બાજુ સવારના ૦૮–૦૦ થી ૦૯–૦૦ સમયગાળાની વચ્ચે રેપ કરવાની કોશીશ કરવામાં આવેલાની હકીકતો જણાવેલ છે. તેમજ ભોગબનનારને સદર સાહેદે તપાસતાં તેણીને જમણી સાથળના પાછળની બાજુએ લાલ કલરનો ધસરકો ૦.૫ x ૦.૫ તથા માટી તથા પાંદડાએ ગળાના ભાગે તથા બરડાના ભાગે જણાય આવેલ છે. આમ, સદર મેડીકલ ઓફીસરના પુરાવાથી પણ ભોગબનનાર સાથે બનાવ બનેલાની તથા ભોગબનનારે તેણીના પુરાવામાં જણાવ્યા મુજબ સાથળના ભાગે ઈજા થયેલાની હકીકતને સમર્થન મળે છે.

**(૧૫.૫)..** વધુમાં મેડિકલ ઓફીસરના પુરાવામાં બચાવપક્ષે પુછતાં ભોગબનનારે તેમની પાસે આવ્યા ત્યારે કપડાં ફાટેલી હાલતમાં ન હોવાનું કબુલ રાખેલ છે. પરંતુ કોઈ સ્ત્રી કે જેના અંતર વસ્ત્રો આરોપીએ તોડી નાખ્યા હોય અને લેંગાનું નાડું પણ તોડી નાખવામાં આવેલ હોય તે સ્થીતીમાં લોકો વચ્ચે ન જાય. વધુમાં તે

કપડાં જે લેગો તથા જાંગીયો જે તુટેલ હાલતમાં હતો તે પંચો રૂબરૂ ભોગબનનારે તપાસના કામે પંચો રૂબરૂ પંચનામાની વિગતે તપાસ કરનાર અમલદારને આપેલ છે તથા તે પોતાની જુબાની દરમ્યાન ઓળખી બતાવેલ છે.

**(૧૫.૬)..** ઉપરોક્ત હકીકતો જોતાં મેડિકલ ઓફીસર રૂબરૂ સારવાર માટે ભોગબનનારને લઈ જવામાં આવ્યા ત્યારે ફાટેલ કપડા પહેરેલ ન હોય તેટલા માત્રથી ફરિયાદપક્ષનો કેસ શંકા ઉપસ્થીત કરનારો બનતો હોવાનું માની શકાય તેમ નથી.

**(૧૫.૭)..** વધુમાં ભોગબનનારે મેડિકલ ઓફીસર સમક્ષ આપેલ હીસ્ટ્રીમાં તેણીની સાથે રેપ કરવાની કોશીશ કરેલાનું જણાવેલ છે તથા આરોપીનું નામ જણાવેલ નથી. પરંતુ બનાવના દિવસે જ આપવામાં આવેલ ફરિયાદમાં તથા બનાવ સમયે ભોગબનનાર પાસે બનવવાળી જગ્યાએ આવેલ સાહેદ મીનાબેન પ્રતાપભાઇ ચૌધરીને તથા મેજીસ્ટ્રેટ રૂબરૂ ભોગબનનારે સી. આર. પી. સી. ની કલમ–૧૬૪ અન્વયે આપેલ નિવેદન તે તમામ જગ્યાએ આરોપીના નામ જોગ બનાવની વિગતો સ્પષ્ટ જણાવેલ છે. તે સંજોગોમાં મેડિકલ ઓફીસર રૂબરૂ અન્ય હકીકત જણાવેલ છે પરંતુ માત્ર આરોપીનું નામ જણાવેલ ન હોય તેટલા માત્રથી ફરિયદપક્ષનો પુરાવો શંકા ઉપસ્થીત કરનાર હોવાનો બચાવપક્ષનો બચાવ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

<u>**પંચ સાહેદોની જુબાનીઃ–**</u>

**(૧૬)..** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૧૪થી ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ, વિઠ્ઠલભાઇ કરશનભાઇ લેઉવા (પી. ડબલ્યુ નંબર–૦૨)ને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમણે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૧–૦૭–૨૦૧૯ ના રોજ તેમને નાયબ પોલીસ અધીક્ષકશ્રી એસ.સી./એસ.ટી.સેલ નાઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામું

કરવાનું હોઇ સમજ કરતાં તેમણે પંચ તરીકે રહેવાની સંમતી આપેલ. તેમની સાથે બીજાં પંચ તરીકે અમરતભાઇ કાનજીભાઇ ચૌધરી હતા. પંચનામું બપોરના આશરે ૦૪–૦૦ વાગે શરૂ કરેલું, બનાવવાળી જગ્યા ભોગબનનારે બતાવેલી. વધુમાં આ પંચ સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, સદર જગ્યા ખરવડા ગામની સીમમાં થુમથલથી ઉદલપુર જતા રોડ ઉપર મધુર ડેરીની બાજુમાં રોડની બાજુમાં ચોકડીઓમા ઝાડીઓમાં આવેલ હતી. સદર જગ્યાએથી પોલીસે એક હાથ રૂમાલ પંચો રૂબરૂ કબજે કરેલો.સદર રૂમાલ આરોપીનો હોવાનું ભોગબનનારે પંચો રૂબરૂ જણાવેલું તેમજ વધુમાં જણાવેલ કે આરોપી તેણીને ખેંચીને લઈ ગયેલો અને તેણીના કપડાં ફાડી નાંખેલા અને ભોગબનનારને કાંટાં વાગેલા હોવાનું જણાવેલું. પંચનામું આશરે બે એક કલાક ચાલેલું. તેમ જણાવી તેમણે આંક–૧૫ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામામાં તથા આંક–૧૬ની મુદ્દામાલ આર્ટીકલ નંબર–૦૧ વાળી પંચ સ્લીપમાં પંચ નંબર–૦૧ ઉપર ચૌધરી અમરતભાઇની તથા પંચ નંબર–૦૨ તરીકે તેમની પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે.

**(૧૬.૧)...** બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી દ્વારા સદર પંચ સાહેદની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં સદર પંચ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ ખરવડા મુકામે જન્મથી રહે છે, તેઓ રામજીભાઈ રેવાભાઈ લેઉવાને ઓળખે છે, તેઓ અને રામજીભાઈ એકજ મહોલ્લાના છે, તેમને એસ.સી./એસ.ટી સેલના માણસો બોલવવા આવેલા તે ગાડી ઉપર એસ.સી/એસ.ટી સેલ લખેલ હતું જેથી તેઓને ઓખળતા હતા. તેમને અને એસ.સી /એસ.ટી. સેલના માણસોને અગાઉ કોઈ પરીચય થયેલ નહીં. તેમને એસ.સી

/એસ.ટી સેલના માણસોએ બોલાવેલ ત્યારે તેઓ બનાવવાળા સ્થળે હાજર હતા. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે વખતે તેઓ અને બીજા માણસો બનાવવાળા સ્થળે હાજર હતા. તેઓ તથા બીજા માણસો અને ભોગબનનાર બનાવવાળા સ્થળે હાજર હતા તે વખતે એસ.સી/એસ.ટી. સેલની ગાડી આવેલી. આ ગાડી આશરે બપોરે બે વાગે આવેલી. આ ગાડી તે જગ્યાએ આશરે બે કલાક જેટલી રોકાયેલી. તેમની ઓળખાણ એસ.સી /એસ.ટી સેલવાળાઓને રામજીભાઈએ કરાવેલી. પંચનામામાં જણાવેલ હકીકતની ચર્ચા તેમની રામજીભાઈ સાથે થયેલી. રામજીભાઈ સાથે થયેલ ચર્ચા મુજબ તેમને રામજીભાઈએ કહેલ કે તમારે પંચનામામાં આ રીતે લખાવવાનું છે. તેમણે ઉલટમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, અગાઉ તેઓ બીજા કોઈ પંચનામામાં રહેલ નથી. તેઓ અને અમરતભાઈ ગુનાવાળી જગ્યાએ સાથે ગયેલ હોય તેવું બનેલ નથી. પોલીસવાળાઓએ તેમની અને અમરતભાઈની એક સાથે પુછપરછ કરેલ નહીં. બનાવવાળા સ્થળે તેઓ તથા ભોગબનનાર અને રામજીભાઈ, મીનાબેન યોગેશભાઈ, કાંન્તાબેન ઈશ્વરભાઈ લેઉવા, સુરેખાબેન રાજુભાઈ, રમીલાબેન રામજીભાઈ, ભીખાભાઈ કાંનજીભાઈ હાજર હતા.

**(૧૬.૨)...** સદર પંચ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં જણાઇ આવે છે કે, તેમની રૂબરૂ આંક–૧૫ થી રજુ ગુનાવાળા જગ્યાનું તથા મુદ્દામાલ આર્ટીકલ નંબર–૦૧ થી રજુ રૂમાલ તા.૨૧–૦૭–૨૦૧૯ ના રોજ કબજે કર્યાની હકીકતને સમર્થન મળે છે. વધુમાં સદર પંચ સાહેદના પુરાવામાં આરોપી તરફે કરેલ

ઉલટતપાસમાં કોઇ મહત્વની વિરોધાભાસી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તે સંજોગોમાં સદર પંચ સાહેદની જુબાની નહી માનવાને કોઇ કારણ નથી. સદર પંચ સાહેદના પુરાવાથી આંક–૧૫ થી રજુ પંચનામું પુરવાર થાય છે. તે મુજબ ગુનાવાળી જગ્ય ખરવડા ગામની સીમમાં થુમથલથી ઉદલપુર જતા રોડ ઉપર મધુર ડેરીની બાજુમાં રોડની બાજુમાં ચોકડીઓમાં ઝાડીઓમાં આવેલાનું તથા ત્યાંથી મુદ્દામાલ હાથ રૂમલ કબજે કર્યાનું પુરવાર થાય છે.

(૧૭).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૧૭થી ભોગબનનારની શરીર સ્થીતીના પંચનામાના પંચ સાહેદ, કાન્તાબેન ઈશ્વરલાલ લેઉવા (પી. ડબલ્યુ નંબર–૦૩)ને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમણે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા.૨૧–૦૭–૨૦૧૯ ના રોજ તેમને નાયબ પોલીસ અધીક્ષકશ્રી એસ.સી./એસ.ટી.સેલ નાઓએ ચૌધરી અમરતભાઈ કાનજીભાઈવાળાના બોર ઉપર આવેલ ખેતરમાં બોલાવેલ. ત્યાં એક બહેનની તપાસ કરવાની હોઈ તે બાબતનું પંચનામું કરવાનું તેમને પંચમાં રહેવાનું જણવતાં તેમણે પંચમાં રહેવાની સંમતી આપેલી. હાજર બેનનું નામ ઠામ પુછતાં તેણે પોતાનું નામ ભોગબનનાર હોવાનું જણાવેલ. તેઓ ખરવડા ગામના હતા. વધુમાં જણાવેલ છે કે, તેઓએ બદનમાં એક ગુલાબી કલરનો ડ્રેસ પહેરલ હતો, તેઓને તપાસતાં બરડામાં ડાબી બાજુએ એક ઘસરકો હતો અને ડાબા પગે ઢીંચણના ભાગે જામું હતું. તેઓએ તેમની રૂબરૂ એક જાંગીયો તથા ક્રિમ કલરનો પાયજામો રજુ કરેલો. તેમની સાથે બીજા પંચ તરીકે મીનાબેન યોગેશભાઈ લેઉવા હતા. પંચનામું ૪/૩૦ કલાકે શરૂ કરી ૫/૦૦ કલાકે પુર્ણ કરેલ. તેમ જણાવી તેમણે આંક–૧૮ના પંચનામામાં તથા આંક–૧૯ની

મુદ્દામાલ આર્ટીકલ નંબર–૦૨ અને આંક–૨૦ વાળી મુદ્દામાલ આર્ટીકલ નંબર–૦૩ ની પંચ સ્લીપમાં પંચ નંબર–૦૧ તરીકે લેઉવા મીનાબેન યોગેશભાઈની તથા પંચ નંબર–૦૨ તરીકે તેમની પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે.

(૧૭.૧)... બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી દ્વારા સદર પંચ સાહેદની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં સદર પંચ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, યોગેશભાઈ ઈશ્વરભાઈ તેમનો દિકરો થાય છે. પંચ નં.૧ મીનાબેન યોગેશભાઈ તેમના પુત્રની વહુ થાય છે. આ કામના ફરીયાદી તેમના વાસની દિકરી થાય છે. ભોગબનનાર અને તેમના પિતા સાથે તેમને સારા સંબંધો છે. તેઓ અમરતભાઈ કાનજીભાઈને ઓળખે છે, તેમને પંચમાં રહેવા માટે મહેસાણાથી સાહેબની ગાડી આવેલી. આ સાહેબ તેમને ઓળખતા ન હતા કે તેમનું મકાન તેઓએ જાયેલ નહીં. તેમણે ઉલટમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સાહેબ સાથે આવેલ રામજીભાઈએ બતાવેલું કે આ મીનાબેન અને તેમનું મકાન છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓ ખેતરમાં મજુરીએ હતી ત્યારે તેમને પંચમાં રહેવા માટે બોલાવેલી. તેમણે આ મીનાબેન પણ તેમની સાથે ખેતરમાં હાજર હતા. તેઓ જે ખેતરમાં કામ કરતી હતી તે ખેતર અને બનાવવાળી જગ્યા બાજુમાં આવેલ છે. આ ખેતરમાં તેઓ અને મીનાબેન બે જણા જ હાજર હતા. આ ખેતર કોની માલીકીનું હતું તેની તેમને ખબર નથી. આ ખેતરમાં તેઓ અને મીનાબેન બે જ મજુર તરીકે હતા બીજા કોઈ ન હતા.ખરવડા ગામમાં નાનો માઢ આવેલ છે. આ નાનો માઢ અમરતભાઈ ચૌધરીનો છે. વધુમાં સદર સાહેદે ઉલટમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમને કાગળો

વંચાવેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેમણે પોલીસને જે લખાવેલ તે પોલીસે લખેલું અને તેમને વંચાવેલું. તેમણે સહી કરી તે વખતે પોલીસના માણસો, મીનાબેન અને બીજા માણસો હાજર હતા. તે વખત કાંન્તાબેન રામાજી, મીનાબેન પ્રતાપભાઈ, સુરેખાબેન રાજુજી અને રામજીભાઈ રેવાભાઈ, રમીલાબેન રામજીભાઈ, ભીખાભાઈ કાનજીભાઈ પણ હાજર હતા.

**(૧૭.૨)..** સદર પંચ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં જણાઇ આવે છે કે, તેણીના રૂબરૂ આંક–૧૮ થી રજુ ભોગબનનારે કપડાં રજુ કરેલ તેમાં એક જાંગીયો તથા ક્રીમ કલરનો પાયજામો રજુ કરેલ. જે પંચનામું તા.૨૧–૦૭–૨૦૧૯ ના રોજ તપાસ કરનાર અમલદારે કલાક ૦૪–૩૦થી કલાક ૦૫–૦૦ વાગ્યા દરમ્યાન પંચો રૂબરૂ કરવામાં આવેલાનું પુરવાર થાય છે.

**(૧૭.૩)..** સદર પંચ સાહેદની આરોપી તરફે કરેલ ઉલટતપાસમાં ફરિયાદી, અન્ય પંચ સાહેદ તથા સાહેદોએ તેમના મહોલ્લાના હોવાનું તથા સબંધી હોવાનું તથા તે બધા પંચનામા વખતે હાજર હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. પરંતુ સદર સાહેદના પુરાવામાં ભોગબનનારે મુદ્દામાલ રજુ કરતાં તે આંક–૧૮ના પંચાનામા મુજબ કબજે કરેલાની હકીકત પુરવાર થાય છે.

**<u>પોલીસ સાહેદોની જુબાનીઃ–</u>**

**(૧૮)..** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૩૩થી એ. એસ. આઈ., શીતલબેન રમેશભાઇ સોલંકી (પી. ડબલ્યુ નંબર–૦૬)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાની જોતાં તેઓ તેઓ તા.૨૧–૦૭–૨૦૧૯ ના રોજ વિસનગર તાલુકા પોલીસ સ્ટેશનમાં તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે ભોગબનનારે પીલીસ ઇન્સપેક્ટર એ. કે. વાધેલા રૂબરૂ ફરિયાદ હકીકત જાહેર કરતાં તેમના

લખાવ્યા મુજબની ફરકિયાદ હકીકત લખી લઈ ગુનો રજીસ્ટર કરવા તેમની તેમની તરફ આવતાં તેમણે સ્ટેશન ડાયરીના પેજ નંબર–૨૬ ઉપર અનુક્રમ નંબર–૦૯થી ફ. ગુ. રજી. નંબર–૬૨/૨૦૧૯ થી ઈ.પી.કો. કલમ– ૩૫૪(બી) તથા ૫૦૬(૧) તથા એટ્રોસીટી એક્ટની કલમ મુજબની ફરિયાદ દાખલ કરેલ. આ કામે આંક–૩૪થી સ્ટેશન ડાયરીની નકલ તથા આંક–૩૫થી ડેપ્યુટ હુકમ રજુ કરેલ છે.

**(૧૮.૧)..** ઉલટમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની પાસે જે ફરીયાદ આવેલી ત તેમના ઉપરી અધિકારીશ્રી એ.કે.વાઘેલા એ કરેલ હુકમ સાથે આવેલી. ફરીયાદી એ તેમની રૂબરૂ કોઈ ફરીયાદ આપેલ નથી. તેમની પાસે જે ફરીયાદ આવેલી તે સાથે જાતીનો દાખલો હતો કે કેમ ? તે તેમને હાલ યાદ નથી.

**(૧૯)..** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૩૬થી પી. એસ. આઈ., અમરસિંહ કેશરીસિંહ વાઘેલા (પી. ડબલ્યુ નંબર–૦૭)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાની જોતાં તેઓ તા.૨૧–૦૭–૨૦૧૯ ના રોજ વિસનગર તાલુકા પોલીસ સ્ટેશનમાં ઇન્ચાર્જ પી.એસ.આઇ. તરીકે તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે ફરિયાદીએ તેમના રૂબરૂ ફરિયાદ હકીકત જાહેર કરતાં તેમના લખાવ્યા મુજબની ફરિયાદ લખી લઇ કમ્પ્યુટર કોપી કઢાવેલી અને ફરિયાદીને વંચાવેલી, અને ફરિયાદીની સહી કરાવેલ અને તેમાં તેમણે રૂબરૂ તરીકે સહી કરેલી જે આ કામે આંક–૩૦થી રજુ કરેલ છે.

**(૧૯.૧)..** ઉલટમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદી તેમની પાસે ફરીયાદ આપવા આવ્યા ત્યારે તેમની સાથે બીજા માણસો પણ હતા.ફરીયાદીએ પ્રથમ મૌખીક ફરીયાદ જણાવેલી. ફરીયાદી ફરીયાદ આપતા પહેલા

પી.એસ.ઓ ને મળેલા હોય તે અંગે તેમને હાલ યાદ નથી. ફરીયાદ તેઓએ ટાઈપ કરેલ નથી પરંતુ તેમના રાઈટરે ટાઈપ કરેલ છે.

(૨૦).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૩૭થી ડી. વાય. એસ. પી., જયેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ વાઘેલા (પી. ડબલ્યુ નંબર–૦૮)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાની જોતાં તેઓ સને ૨૦૧૯માં ડી. વાય. એસ. પી. એસ.સી.એસ.ટી.સેલ મહેસાણા મુકામે તેમની ફરજ બજાવતા હતા ત્યારે તા.૨૧–૦૭–૨૦૧૯ ના રોજ વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન ફ. ગુ. ૨. નંબર–૬૨/૨૦૧૯ થી ઈ.પી.કો. કલમ–૩૫૪(બી) તથા એટ્રોસીટી એક્ટની કલમ–૦૩(૨)(૫)(એ) વિગેરે મુજબના ગુનાનો સ્પેશ્યલ રીપોર્ટ મળતાં તેમણે કાગળો મેળવેલ ત્યારબાદ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ, પાઈજામાના નાળાનું પંચનામું કરેલ, શરીરસ્થીતીનું પંચનામું કરેલ, ભોગબનનારનું નિવેદન લીધેલ, સાહેદોના નિવેદનો નોધેલા, ભોગબનનારનું સી. આર. પી. સી. ની કલમ–૧૬૪ અન્વયેનું નિવેદન લેવડાવેલ, જાતીનું પ્રમાણપત્ર મેળવી કામમાં સામેલ રાખેલ, અને મુદ્દામાલ કબજે કરેલ અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં નામદાર કૉર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને કૉર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ કામે આંક–૩૮થી દવાખાનાની વર્ધી, આંક–૩૯થી કલમ વધારાનો રીપોર્ટ, આંક–૪૦થી ગુનો રજીસ્ટર કરવાનો રીપોર્ટ, આંક–૪૧થી ભોગબનનારનું જાતીય પ્રમાણપત્ર, આંક–૪૨થી ફરિયાદીનું જાતીનું પ્રમાણપત્ર, આંક–૪૩થી ફરિયાદીનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, આંક–૪૪થી આરોપીને અટક કરી સ્ટેશન ડાયરીમાં નોધ કર્યાનો રીપોર્ટ તથા આંક–૪૫થી આરોપીને કસ્ટડીમાં સંભાળી લેવાનો રીપોર્ટ રજુ કરેલ છે.

(૨૦.૧).. સદર સાહેદની આરોપી તરફે કરેલ ઉલટતપાસમાંએ

હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ ભોગબનનારનું નિવેદન લીધેલું. બનાવવાળી જગ્યા જે લોકોની ઓછી અવર જવર વાળી હોવાનું જણાવેલ છે. બનાવવાળી જગ્યાની આજુબાજુ ખેતરો આવેલા છે. તેમજ લોકો ત્યાં રહી ખેતી કરે છે. વધુમાં સદર સાહેદની મુલાકાત ભોગબનનાર સાથે તા.૨૧–૦૭–૨૦૧૯ ના રોજ બપોરના ૦૩–૦૦ વાગે થયેલ છે. તેમજ બનાવવાળી જગ્યા એ ભોગબનનારનું નિવેદન તા.૨૧–૦૭–૨૦૧૯ ના રોજ લીધેલાનું જણાવેલ છે. વધુમાં જે સહેદના નિવેદન ટાઇપ કરેલા તે સદર સાહેદોની ઓફીસમાં કમ્પ્યુટર ઉપર લીધેલ. વધુમા સી.આર. પી. સી. કલમ–૧૬૪ મુજબનું નિવેદન લીધેલ તે તેઓએ પી.આઇ. શ્રી વિસનગર ને યાદી કરેલાનું અને તેમણે તે અંગે કાર્યવાહી કરેલાનું જણાવેલ છે.

**(૨૦.૨)..** વધુમાં સદર સાહેદનો પુરાવો જોતાં સદર સાહેદે ભોગબનનારની જાતિનું પ્રમાણપત્ર આંક–૪૧ થી મેળવેલાનું તથા તેની ખરાઇ તાલુકા વિકાસ અધીકારીને ખરાઇ કરવા કરેલ રીપોર્ટ આંક–૪૨ થી તથા ભોગબનનારની જાતીનું પ્રમાણપત્ર આંક–૪૨ તથા ભોગબનનારની જાતિનું પ્રમાણપત્ર આંક–૪૩ થી રજુ કરેલ છે. જેની હકીકતો જોતં પણ ભોગબનનાર અનુસુચિત જાતિના હોવાનું પુરવાર થાય છે.

**નિષ્કર્ષઃ–**

**(૨૧)..** કાયદાનો એ પ્રસ્થાપીત સિધ્ધાંત છે કે, ફોજદારી કેસોમાં આરોપી સામેનો ગુનો સ્પષ્ટપણે અને નિઃશંક રીતે પડેલ પુરાવાથી પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું અનુમાન કરવાનું છે અને આરોપી સામેની સાબીતીનો ભાર ફરિયાદપક્ષ ઉપર રહેલો છે. ફરિયાદપક્ષે સંપુર્ણ અને સજજડ પુરાવો આપવાનો છે અને આરોપીએ માત્ર મૌન જ રાખવાનું છે. આરોપીના કેસની નબળાઇનો લાભ ફરિયાદપક્ષ ઉઠાવી શકે નહી. ફોજદારી કેસમાં

પુરવાનું મુલ્યાંકન કરતી વખતે અદાલતે એક મેન્ટલ પ્રોસેસ કરવાની હોય છે અને પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય છે. દરેક કેસનું પરીણામ પોતાની હકીકત, પડેલ પુરાવો તેમજ કેસના ગુણદોષ ઉપર આધારીત હોય છે. નામદાર સુપ્રીમ કૉર્ટે નરેન્દ્ર વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક ૨૦૦૯(૨) ક્રાઇમ્સ પાના નંબર–૪૧૫ ( સુપ્રીમ કૉર્ટ ) ઉપરના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે, એક નિર્દોષને ખોટી સજા ન થવી જોઇએ. પરંતુ જજની એ પણ ફરજ છે કે, ગુનો કરનાર વ્યક્તિ સજામાંથી છટકી પણ જવો જોઇએ નહી. પહેલાં સિધ્ધાંત જેટલો અગત્યનો છે તેટલો જ બીજો સિધ્ધાંત પણ અગત્યનો છે. નામદાર સુપ્રીમ કૉર્ટે નીચે મુજબના શબ્દપ્રયોગ કરેલા છે.

...."A judge does not preside over a criminal trial merely to see to see that no innocent man is punished. A Judge also presides to see that a guilty man does not escape.Both are public duties."..

તેવી જ રીતે, પુરાવાની ગુણવત્તા અને સાહેદોની વિશ્વસનીયતા કૉર્ટે ધ્યાનમાં રાખવાની છે અને કેટલા જથ્થાનો પુરાવો છે, તે હકીકત અગત્યની નથી. માત્ર એક જ માનવા લાયક સાહેદના પુરાવા આધારે પણ જે તે કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે અને તેના માટે જથ્થાબંધ પુરાવો રજુ કરવાનું ફરિયાદપક્ષે કોઇ જરૂરી નથી.

**(૨૨)..** ઉપરોક્ત ચર્ચા કરેલ પુરાવાની હકીકતો ધ્યાને લેતાં ફરિયાદી/ભોગબનનારની આંક–૨૯થી થયેલ જુબાની તથા સાહેદ નંબર–૦૪ મીનાબેન પ્રતાપભાઇ ચૌધરીનો આંક–૨૨ થી થયેલ જુબાની પુરાવાની હકીકતો જોતાં બનાવને સંપુર્ણ સમર્થન મળે છે.

**(૨૩)..** વધુમાં બનાવના બે જ કલાકમાં ભોગબનનારે વિસનગર સીવીલ હોસ્પીટલ ખાતે સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ

મારફતે લઇ જતાં ત્યાં તેણીની સારવાર કરનાર ડૉક્ટર વિક્રમજી જશુજી ઠકોરના આંક–૧૧ થી થયેલ પુરાવાથી પણ બનાવને તથા ભોગબનનારને બનાવમાં સાથળના ભાગે ઈજ થયેલાની હકીકતને તેમજ તેમની સાથે રેપ કરવા કોશીશ થયેલાની હકીકતને સમર્થન મળે છે.

**(૨૪)..** વધુમાં આગળ ચર્ચા કર્યા મુજબ ગુનાવાળી જગ્યાનું પંચનામું જે આંક–૧૫થી રજુ છે તે ફરિયાદપક્ષે આંક–૧૪ થી તપાસાયેલ પંચ સાહેદ વિઠ્ઠલભાઇ કરશનભાઇ લેઉવાના પુરાવાથી પુરવાર કરેલ છે. તે ગુનાવાળી જગ્યા ફરિયાદી/ભોગબનનાર તથા સાહેદ મીનાબેન પ્રતાપભાઈ ચૌધરી એ જે ગુનાવાળી જગ્યાનું વર્ણન તેમના પુરાવામાં જણવેલ છે તે જ મુજબની જગ્યા આંક–૧૫થી રજુ પંચનામામાં જણાવેલ છે. આમ, આંક–૧૫ થી રજુ પંચનામા મુજબ ગુનાવાળી જગ્યા આવેલાનું પુરવાર થાય છે.

**(૨૫)..** વધુમાં બનાવ સમયે ભોગબનનારે પહેરેલ કપડાં ભોગબનનારનો લેગો તથા તુટેલ જાંગીયો જે આંક–૧૮થી રજુ પંચનામાની વિગતે બનાવના દિવસે કબજે કરેલ તે પંચ સાહેદ કાન્તાબેન ઈશ્વરલાલ લેઉવાની આંક–૧૭થી થયેલ જુબાની પુરાવાથી પુરાવાર કરેલ છે. વધુમાં ભોગબનનારે તેણીના કૉર્ટ રૂબરૂના પુરાવા દરમ્યાન આ મુદ્દામાલ ઓળખી બતાવેલ છે. આમ ભોગબનનારે બનાવ સમયે પહેરેલ કપડાં જાંગીયો જે તુટેલ હાલતનો તથા લેગો જેનું નાળુ તુટેલ તે બનાવના વિગતનો આંક–૧૮ થી રજુ પંચનામાની વિગતે કબજે લીધેલાનું પુરવાર થયેલ છે.

**(૨૬)..** જ્યારે બચાવપક્ષે ફરિયાદી/ભોગબનનાર, સાહેદો તથા તપાસ કરનાર અમલદારના પુરાવામાં ઉલટતપાસમાં ફરિયાદી/ભોગબનનાર, સાહેદ અને આરોપીના પિતા સગાઓ વચ્ચે ગામમાં સરપંચની ચુંટણી સબબ રાજકીય તકરાર, ઝઘડા

તેઓની વચ્ચે મનદુઃખ ચાલતું હોવા અંગે, તેમજ મધુરમ ડેરીમાં ફરિયાદી/ભોગબનનાર, સાહેદ અને આરોપીના પિતા, સગાઓ વચ્ચે  નોકરી કરતા ત્યાં તકરાર, ઝઘડા તેઓની વચ્ચે મનદુઃખ ચાલતું હોવા અંગે વારંવાર પુછવામાં આવેલ છે પરંતુ આવી કોઇ હકીકતને કોઈપણ સાહેદ કે તપાસ કરનાર અમલદાર કે ભોગબનનારના પુરાવામાં લેશમાત્ર સમર્થન મળેલ નથી. તે સંજોગોમાં ભોગબનનારે કોઇ દ્વેષભાવથી આરોપી સામે ખોટી ફરિયાદ આપેલાનું  માની શકાય તેમ નથી.

(૨૭).. વધુમાં ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ ગુનાની ફરિયાદ બનાવના દિવસે ભોગબનનારે સૌપ્રથમ તેણીને હોસ્પીટલમાં ૧૦૮ મારફતે લઈ જતાં સારવાર પુરી થયા બાદ તરત જ આપેલ છે. બનાવના બે કલાકમાં ભોગબનનારને વિસનગર સીવીલ હોસ્પીટલમાં ૧૦૮ મારફતે સારવાર માટે લઈ જવામાં આવેલ છે. ત્યાં પણ મેડિકલ ઓફીસર રૂબરૂ આપેલ હીસ્ટ્રીમાં તેણીના ઉપર રેપ કરવા કોશીશ કરેલાની હકીકત જણાવેલ છે. વધુમાં મેડિકલ ઓફીસર વિક્રમજી ઠાકોરના આંક–૧૧થી થયેલ પુરાવાથી, તેમજ બનાવ સમયે ભોગબનનારે બુમો પાડતાં તેણીના પાસે સર્વપ્રથમ જે બે સાહેદો પહોચેલા તે પૈકી ફરિયાદપક્ષે તપાસાયેલ સ્વતંત્ર સાહેદ ચોધરી મીનાબેન પ્રતાપભાઈના આંક–૨૨ના પુરાવાથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે છે.

(૨૮).. ઉપરોકત ચર્ચા કરેલ સાહેદોના પુરાવાના મુલ્યાંકન મુજબ ફરિયાદપક્ષે એ હકીકત નિઃશંકપણે પુરવાર કરેલ છે કે, ભોગબનનારને ત.૨૧–૦૭–૨૦૧૯ ન રોજ સવારના ૦૮–૦૦ વગ્યાના સુમારે થુમથલ રોડ ઉપર ખરવડા મુકામે મધુરમ ડેરી પાસે હતી ત્યારે આરોપીએ તેણીની પાછળ સાયકલ લઈ આવી ભોગબનનારને એકદમ પકડી રોડની સાઈડમાં લઈ જઈ તેની ઈજ્જત લેવાની કોશીશ કરી તેણીના પાયજામાનું નાળું તોડી નાખી નીકરની અંદર હાથ નાખી ફાડી નાખેલનું પુરવાર થાય છે. આમ,

આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૫૪(બી)(ડી)(૧) મુજબનો ગુનો કરેલાનું ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે.

(૨૯).. હવે આરોપી સામે આંક-૦૭ થી જે સુધારેલ તહોમતનામું ફરમાવેલ છે તે મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬ અન્વયેનો ગુનો બને છે કે કેમ ? તેના અનુસંધાને જોવામાં આવે તો હાલના કેસમાં ફરિયાદીએ આપેલ આંક-૩૦ થી રજુ ફરિયાદમાં જણાવેલ છે કે, " તેણે મારા ઉપર બળાત્કાર (રેપ) કરેલ નથી. પરંતુ તેણે મને પકડી મારા ગુપ્ત ભાગે હાથ નાખી મારી ઇજ્જત લેવા કોશીશ કરેલ છે." વધુમાં જણાવેલ છે કે, "તેણે મારા બંન્ને હાથ પકડી મારા પાયજામાનું નાળું તોડી નાખેલ અને મારો પાયજામો નીચે ઉતારી અને અંદર પહેરેલ લીલા કલર નીકરમાં હાથ નાખી ગુપ્ત ભાગેથી બળ વાપરી ફાડી નાખેલ અને આ વખતે મે મારા મોઢામાં ડુચો કાઢી નાખી બુમાબુમ કરતાં નજીકના ખેતરમાં કામ કરતા સાહેદોએ આવી જતાં આરોપી જતો રહેલાનું જણાવેલ છે. "

(૩૦).. જ્યારે ભોગબનનારે તેણીની આંક-૨૯થી થયેલ જુબાનીમાં પણ ઉપરોક્ત હકીકતો મુજબની હકીકત જણાવી જણાવેલ છે કે, "તેણે મારા પાયજામાનું નાળું તોડી નાખી નીકરમાં હાથ નાખી નીકર ફાડી નાખેલ અને મારા ગુપ્ત ભાગે હાથ નાખેલો. " તેવી હકીકત જણાવેલ છે. જ્યારે ઉલટતપાસમાં તેણીએ કબુલ રાખેલ છે કે, "જજ સાહેબ સમક્ષના નિવેદનમાં મે એવું લખાવેલ છે કે, આરોપીએ મારા ગુપ્ત ભાગે મને અડી શકેલો નહી."

(૩૧).. જ્યારે ભોગબનનારનું સી.આર.પી.સી.ની કલમ-૧૬૪ અન્વયેના મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂના તા. ૨૫-૦૭-૨૦૧૯ ન રોજ લીધેલ નિવેદન આંક-૩૧થી રજુ છે. તેમાં ભોગબનનારે લખાવેલ છે કે, "મને સરદારજીએ ઉછી કરી બળજબરીથી ઝાડીમાં પછાડેલી અને મારા માંમાં રૂમાલ નાખેલો સરદારજીએ મારા

પાયજામાનું નાડું ખોલેલું અને પાયજામાની અંદર મે પહેરેલ નીકર ફાડી નાખેલી અને મારા ગુપ્ત ભાગે હાથ અડાડવા જતો હતો મે સરદારજીને હાથથી અને લાતોથી માર મારેલો જેથી તે મારા ગુપ્ત ભાગે અડી શકેલ નહી."

(૩૨).. ઉપરોક્ત ફરિયાદીની કૉર્ટ રૂબરૂની જુબાની, ગુનાની ફરિયાદ તથા તેણીના સી. આર. પી. સી. કલમ–૧૬૪ અન્વયેના નિવેદનની હકીકતો જોતાં આારોપીએ તેણીનો પાયજામો કાઢી નાખી નીકરમં હાથ નાખી નીકર તોડી નાખેલાની હકીકતને તમામ પુરાવાથી એકસમાન રીતે સમર્થન મળે છે. જે હકીકતો જોતાં તથા આગળ ચર્ચા કરેલ પુરાવાની હકીકત મુજબ આરોપીએ બનાવ સમયે ભોગબનનારને એકદમ પકડી લઇ તેણીને રોડની સાઇડમાં આવેલ ચાર થી પાંચ ફુટ ઉંડાઇ વાળી બાવળની ઝાડી વાળી જગ્યામાં લઇ તેણીને પછાડી પાયજામાનું નાડું તોડી નાખી નીકરમાં હાથ નાખી ગુપ્ત ભાગેથી બળ વાપરી તોડી નાખેલાનું પુરવાર થાય છે. આમ, આરોપીએ બળાત્કારની કોશીશ/પ્રયત્ન કરેલાનું ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે.

(૩૩).. વધુમાં ખુદ આરોપીએ આધાર લીધેલ નામદાર હિમાચલ પ્રદેશ હાઇકૉર્ટનો ચુકાદો Vijay Kumar vs The State of H.P. 2009 0 Supreme(HP) 208 ના ચુકાદામાં પેરા નંબર–૨૫ માં નામદાર વડી અદાલતે નામદાર સુપ્રીમ કૉર્ટનો ચુકાદો Koppula Vankat Rao vs State of Andhara Pradesh:2004 SC1874 ઉપર આધાર લઇ એવું પ્રસ્થાપીત કરેલ છે કે,

''25. In Kamal Kumar vs State 2009 Cr.L.J.36 while relying upon the judgment of the apex court rendered in Koppula Vankat Rao vs State of Andhra Pradesh:2004 SC1874 this Court held

that an attempt to commit an offence can be said to begin when the preparations are complete and culprit commences to do something with the intention of commiting the offence and which is a step towards the commission of the offence . The moment he commences to do an act with necessary intention he coomences his attempt to commit an offence. This is what section 511 Indian Penal Code requires.

ઉપરોક્ત નમદાર હીમાચલ પ્રદેશ હાઈકૉર્ટના ચુકાદામાં તથા તેમાં આધાર લીધેલ નામદાર સુપ્રીમ કૉર્ટના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાતો ધ્યાને લેતાં તથા ઇ. પી. કો. કલમ–૫૧૧ ની જોગવાઇઓ ધ્યાને લેતાં હાલના કેસમાં ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ આરોપીએ ભોગબનનાર સાથે બળાત્કાર કરવાની તૈયારીના ભાગરૂપે તેણીને એકદમ પકડી લઇ રોડની સાઇડમાં ચારથી પાંચ ફુટ ઉંડાઇ વાળી બાવળીયાની ઝાડીમાં લઇ જઇ પછાડી દઇ મોઢામાં રૂમાલ દબાવી પાયજામાનું નાડું તોડી નાખી ગુનો કરવાની તમામ કાર્યવાહી  પુર્ણ કરી, બળાત્કારનું કૃત્ય કરવા તેણે ભોગબનનારના નીકરમાં ગુપ્ત ભાગે હાથ નાખી તે તોડી નાખેલ છે. તે સમયે ભોગબનનારે બુમાબુમ કરતાં સાહેદો આવી જતાં આરોપી ભાગી ગયેલ છે. આમ, આરોપીએ બળાત્કારનો ગુનો કરવા  કોશીશ કરેલાનું ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે. આમ ફરિયાદપક્ષે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ સાથે વાંચતા કલમ–૫૧૧ મુજબનો ગુનો કરેલાનું નિઃશંકપણે પુરવાર થાય છે.

**(૩૪)..** વધુમાં ફરિયાદપક્ષે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર કરવા જે પુરાવા

ઉપર આધાર રાખેલ છે. તેમાં ભોગબનનારે તેણીની આંક–૩૦ થી રજુ ફરિયાદમાં આરોપીએ જતાં જતાં તેણીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલાનું જણાવેલ છે. જ્યારે પોતાની કૉર્ટ રૂબરૂની આંક–૨૯ ની જુબાનીમાં આરોપીએ તેણીને ચપ્પુ બતાવેલાનું તથા તેણીને તથા તેણીના ઘરના સભ્યોને મારી નાખવાની ધમકીઓ આપેલાનું જણાવેલ છે. જ્યારે ફરિયાદી/ભોગબનનારે તેણીના આંક–૩૧ થી રજુ સી. આર. પી. સી. કલમ–૧૬૪ અન્વયેના નિવેદનમાં આરોપીએ ચક્કુ લઇને આવેલાનું તથા ચક્કુ બતાવેલાનું જણાવેલ છે.

**(૩૫)..** ઉપરોક્ત ભોગબનનારની જુબાની, ફરિયાદ તથા તેણીના સી. આર. પી. સી. કલમ–૧૬૪ અન્વેના નિવેદનમાં આરોપીએ તેણીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોવાની હકીકત જે જણાવેલ છે તેમાં એકસુત્રતા જણાતી નથી. વધુમાં આવી કોઇ હકીકત ભોગબનનારે બનાવ સમયે તેણીને તુરત બચાવવા આવનાર ફરિયાદપક્ષે આંક–૨૨ થી તપાસેલ સ્વતંત્ર સાહેદ મીનાબેન પ્રતાપભાઇ ચૌધરીને જણાવેલ નથી કે સદર સાહેદના પુરાવાથી આવી કોઇ હકીકતને સમર્થન મળેલ નથી. તે સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) મુજબનો ગુનો કરેલાનું નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

**(૩૬)..** વધુમાં ફરિયાદપક્ષે આરોપી સામે એટ્રોસીટી એક્ટની કલમ–૦૩(૧)(ઇ)(ડબલ્યુ)(૧)(૨), ૦૩(૨)(૫–એ) મુજબ ના ગુના સબબનું તહોમત છે જે નીચે મુજબ છે.

કલમ–૦૩(૧)(ડબલ્યુ)(૧)(૨):–

" (w)(i)intentionally touches a woman belonging to a Scheduled Caste or a Scheduled Tribe, knowing that she belongs to a Scheduled Caste

or a Scheduled Tribe, when such act of touching is of a sexual nature and is without the recipient’s consent;
(ii) uses words, acts or gestures of a sexual nature towards a woman belonging to a Scheduled Caste or a Scheduled Tribe, knowing that she belongs to a Scheduled Caste or a Scheduled Tribe”

કલમ–૦૩(૨)(૫–એ) :–

"(vi) commits any offence under the Indian Penal Code (45 of 1860) punishable with imprisonmentfor a term of ten years or more against a person or property or [knowing that such person is a member of a Scheduled Caste or a Scheduled Tribe or such property belongs to such member], shall be punishable with imprisonment for life and with fine;

(va) commits any offence specified in the Schedule, against a person or property, knowing that such person is a member of a Scheduled Caste or a Scheduled Tribe or such property belongs to such member, shall be punishable with such punishment as specified under the Indian Penal Code(45of1860) for such offences and shall also beliable to fine;]

ઉપરોક્ત ગુના પુરવાર થવા ફરિયાદપક્ષે પુરવાર કરવું જરૂરી છે કે, ફરિયાદી/ભોગબનનાર અનુસુચિત જાતિના હોવાનું આરોપી જાણતો હતો અને તે હકીકત તેની જાણમાં હોવા છતાં આરોપીએ તેણીની સાથે ગુનાહિત કૃત્ય આચરેલ છે.

ફરિયાદપક્ષે આરોપી સામે એટ્રોસીટી એક્ટની કલમ– ૦૩(૧)(ઈ)(ડબલ્યુ)(૧)(૨), ૦૩(૨)(૫–એ) મુજબના ગુના સબબનું તહોમત પુરવાર કરવા જે પુરાવા ઉપર આધાર રાખેલ છે તેમાં ભોગબનનારે તેણીની આંક–૨૯થી થયેલ જુબાનીમાં જણાવ્યા મુજબ તેણીની અનુસુચિત જાતિની હોવાનું જણાવેલ છે તથા આરોપી ઠાકોર જ્ઞાતિના હોવાનું જણાવેલ છે.

**(૩૭)..** વધુમાં તપાસ કરનાર અમલદારની આંક–૩૭થી થયેલ જુબાનીમાં ભોગબનનાર/ફરિયાદીની જાતીનું પ્રમાણપત્ર આંક–૪૧ થી તથા તેણીનું છાળા છોડ્યાનું પ્રમાણપત્ર આંક–૪૩ થી રજુ કરેલ છે. જે તપાસના કામે મેળવેલ છે. તેમાં ભોગબનનાર હિન્દુ વણકર જ્ઞાતીના હોવાનું જણાવેલ છે તેમજ જાતીના પ્રમાણપત્રમાં ભોગબનનાર હિન્દુ વણકર જાતિ અનુસુચિત જાતિ તરીકે માન્ય કરેલાનું જણાવેલ છે. આમ ફરિયાદપક્ષે ફરિયાદી/ભોગબનનાર અનુસુચિત જાતિના હોવાનું જ્યારે આરોપી ઠાકોર જ્ઞાતીના હોવાનું પુરવાર થાય છે.

**(૩૮)..** વધુમાં ફરિયાદી/ભોગબનનાર અને આરોપી એક જ ગામના હોવાનું ઉલટતપાસમાં કબુલ રાખેલ છે. પરંતુ ભોગબનનારે સ્પષ્ટપણે જણાવેલ છે કે, આરોપી તેમના ગામના છે પરંતુ આરોપી ગામના પરા વિષ્ણુપુરા ખાતે રહે છે અને તેણીના ગામમાં રહે છે. વધુમાં ગામથી પરૂ એકાદ કીલોમીટર દુર આવેલ છે. વધુમાં ખુદ ફરિયાદીએ આરોપી તરફે તેમની કરેલ ઉલટતપાસમાં એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, ગામના પ્રસંગે આરોપીના ઘરવાળા અને તેમના ઘરવાળા ભેગા થાય. તેમની ખરવડા ગામમાં ચૌધરી,

લેઉવા, ઠાકોર, રાવળ એમ બધી જ્ઞાતીના લોકો રહે છે.

(૩૯).. વધુમાં ઉપરોક્ત પુરાવાની હકીકતો જોતાં તથા ફરિયાદમાં, ફરિયાદી/ભોગબનનાર ઉપરાંત અન્ય તપાસેલા સાહેદોન પુરાવામાં ફરિયાદપક્ષે એ હકીકત પુરવાર કરી બતાવી શકેલ નથી કે ફરિયાદી/ભોગબનનાર અનુસુચિત જાતિના હોવાનું આરોપી જાણતો હતો અને તે હકીકત તેની જાણમાં હોવા છતાં આરોપીએ તેણીની સાથે ગુનાહિત કૃત્ય આચરેલ છે.

(૪૦).. વધુમાં બનાવ સમયે પણ ફરિયાદી/ભોગબનનાર અને આરોપી વચ્ચે જે ગુનાહિત કૃત્ય બનેલ તે દરમ્યાન પણ ફરિયાદી/ભોગબનનાર અનુસુચિત જાતિના હોવાનું કંઇ જાહેર થયેલ હોય કે તેવા કોઈ શબ્દો બોલવામાં આવેલ હોય અને તેનાથી આરોપીને ફરિયાદી/ભોગબનનાર અનુસુચિત જાતિ હોવાનું જાણવા છતાં તેણે ગુનાહિત બળ વાપરી કોઈ ગુનો કરેલ હોય. સદર તમામ ઉપરોક્ત પુરાવાની હકીકતો ધ્યાને લેતાં ફરિયાદપક્ષે આરોપીએ એટ્રોસીટી એક્ટની કલમ–૦૩(૧)(ઈ)(ડબલ્યુ)(૧)(૨), ૦૩(૨)(૫–એ) મુજબનો ગુનો કરેલાનું નિઃશંકપણે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. જેથી **મુદ્દા નંબર–૦૨** નો નિર્ણય તે મુજબ "**નકરમાં** " આપું છું.

(૪૧).. ઉપરોક્ત ચર્ચા કરેલ સમગ્ર પુરાવાની હકીકતો ફરિયાદપકે આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ સાથે વાંચતા કલમ–૫૧૧ તથા કલમ– ૩૫૪(બી)(ડી)(૧) મુજબના ગુના કરેલાનું નિઃશંકપણે પુરવાર કરેલ છે. જેથી **મુદ્દા નંબર–૦૧** નો નિર્ણય તે મુજબ "**અંશતઃ હકરમાં** " આપું છું.

(૪૨).. ઉપરોક્ત ચર્ચા કરેલ પુરાવાની હકીકતો તથા નિર્ણત કર્યા મુજબ આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ સાથે વાંચતા કલમ–૫૧૧, કલમ–૩૫૪(બી)(ડી)(૧) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી સજા અંગે સાંભળવા

માટે મુલત્વી.

હુકમ આજરોજ તા.૦૭ મી  માહે માર્ચ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.–૦૭–૦૩–૨૦૨૬
સ્થળ –  વિસનગર.

(પ્રવિણભાઈ જોઈતાભાઈ ચૌધરી )
**જજ, સ્પેશ્યલ કૉર્ટ (એટ્રોસીટી) અને**
**ત્રીજા એડીશનલ સેશન્સ જજ,**
**મુ.વિસનગર.**
UIC No.GJ–00661

**<u>સજા અંગે સાંભળ્યાઃ–</u>**

(૪૩).. આરોપીના વિદ્ધાન વકીલશ્રી એચ. આર. પઠાણ (લીગલ) દ્ધારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપીનો કોઇ ગુનાહીત ભૂતકાળ નથી અને આરોપી ગરીબ વર્ગના છે. આરોપી યુવાન વયના છે. આરોપીએ ઈરાદાપૂર્વક ગુનો કરેલ નથી. તેમના ઉપર તેમના કુટુંબની જવાબદારી છે. વધુમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૫૧૧ મુજબ અડધાથી વધુ નહી તેવી સજા કરવા પ્રાવધાન છે. જેથી ઓછામાં ઓછી સજા અને તેની આર્થિક સ્થીતી જોતાં આરોપી પોતાનો બચાવ કરવા પ્રાઈવેટ વકીલ પણ રોકી શકેલ નથી. જેથી આરોપી ઉપર દયા રાખી ઓછામાં ઓછી સજા અને ઓછામાં ઓછો દંડ કરવા રજુઆત કરેલ છે.

(૪૪).. પ્રોસીક્યુશન તરફે વિદ્ધાન એડિ. પી.પી. શ્રી જે. બી. રાજપુત દ્ધારા એવી રજુઆત કરેલ છે કે, આરોપીએ જે ગુનાહિત કૃત્ય આચરેલ છે તે જનન્ય અપરાધ છે. આરોપીએ ભોગબનનાર ઉપર શારીરિક હુમલો કરી તેણીની આબરૂ લેવાની કોશીશ કરેલાનું પુરવાર થયેલ છે. જેથી જો આવુ કૃત્ય કરનાર ઉપર રહેમ રાખી ઓછી સજા કરવામાં આવશે તો મહિલાઓની સલામતી રહેશે નહી તથા તેનો સમાજમાં ખોટો સંદેશ જશે. જેથી આરોપીને દરેક ગુના સબબ મહત્તમ સજા તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ સાથે વાંચતા કલમ–૫૧૧ અન્વયે મુકરર વધુમાં વધુ સખત કેદની સજા કરવા અને કોઈપણ જાતની દયા નહી રાખવા અને દંડ કરવા રજુઆત કરેલ છે. વધુમાં ભોગબનનારને વધુમાં વધુ વળતર ચુકવવા હુકમ કરવા ભારપુર્વક રજુઆત કરેલ છે. જેની સામે આરોપીના વિદ્ધાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, ભોગબનનારને એટ્રોસીટી એક્ટ અન્વયે પ્રથમથી જ સરકાર તરફથી વળતર ની રકમ ચુકવવામાં આવેલ છે. જેથી આવો

હુકમ કરી શકાય નહી તેવી રજુઆત કરેલ છે.

**(૬૦)..** બન્ને પક્ષના વિદ્વાન વકીલશ્રીઓની સજા બાબતે દલીલો સાંભળી. આરોપીને સાંભળ્યા. આ કામે જોવામાં આવે તો આરોપીએ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ સાથે વાંચતા કલમ–૫૧૧, કલમ–૩૫૪(બી)(ડી)(૧)** મુજબનો ગુનો કરેલાનુ પુરવાર થયેલ છે. હાલના કેસમાં આરોપી યુવાન વયના છે. વધુમાં આરોપીનો કોઇ ગુનાહિત ઈતિહાસ બનાવ પહેલાં નથી. વધુમાં આરોપીની આર્થિક સ્થીતી ધ્યાને લેતાં ઓછો દંડ કરવા ઉચિત જણાય છે. વધુમાં હાલના કિસ્સામાં ગુનાની સજાની જોગવાઈ ધ્યાને લઈ તેમજ આરોપી તરફે વિદ્વાન લીગલ એડ વકીલશ્રી એચ. આર. પઠાણ દ્વારા આધાર લીધેલ નામદાર સુપ્રીમ કૉર્ટનો ચુકાદો Koppula Vankat Rao vs State of Andhara Pradesh:2004 SC1874 માં આ જ મુજબના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ સાથે વાંચતા કલમ–૫૧૧ મુજબના ગુનામાં ફરમાવેલ સજાનું પ્રમાણ ધ્યાને લેતાં હાલના કેસમાં આરોપીને **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ સાથે વાંચતા કલમ–૫૧૧** ના ગુના સબબ **૦૫(પાંચ) વર્ષની સખત કેદની સજા તથા યોગ્ય રકમનો દંડ કરવામાં આવે તો** ન્યાયનો હેતુ શરે તેમ છે. વધુમાં આરોપીને **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(બી)ના ગુના સબબ** ૦૩(ત્રણ) વર્ષની **સખત** કેદની સજા **તથા કલમ–૩૫૪(ડી)(૧)** મુજબના ગુના સબબ ૦૧(એક) વર્ષની **સખત** કેદની સજા તથા યોગ્ય રકમનો દંડ કરવો ન્યાયોચિત જણાઈ આવે છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–// આ ખ રી હુ ક મ //–**

૧).. આ કામના આરોપી**, સરદારજી S/o અજમલજી ચેલાજી**

**ઠાકોર,** ઉ.વ.આ.– ૧૮, (જન્મ તા.૨૭–૦૬–૨૦૦૧) રહે.– વિષ્ણુપુરા (ખરવડા), તા.– વિસનગર, જી.– મહેસાણાનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫ (૧) અન્વયે **વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન ફ. ગુન્હા રજીસ્ટ્રેશન નં.૬૨/૨૦૧૯થી ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) તથા એટ્રોસીટી એક્ટની કલમ–૦૩(૧)(ઈ)(ડબલ્યુ)(૧)(૨), ૦૩(૨)(૫–એ) મુજબના ગુના સબબ** નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨).. આ કામના આરોપી**, સરદારજી S/o અજમલજી ચેલાજી ઠાકોર,** ઉ.વ.આ.–૧૮, (જન્મ તા.૨૭–૦૬–૨૦૦૧) રહે.– વિષ્ણુપુરા (ખરવડા), તા.– વિસનગર, જી.– મહેસાણાનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫ (૨) અન્વયે **વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન ફ. ગુન્હા રજીસ્ટ્રેશન નં.૬૨/૨૦૧૯થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ સાથે વાંચતા કલમ–૫૧૧, કલમ ૩૫૪(બી), કલમ ૩૫૪(ડી)(૧) મુજબ**ના ગુનામાં તકસીરવાન ઠરાવામાં આવે છે.

૨).. આ કામના આરોપી**, સરદારજી S/o અજમલજી ચેલાજી ઠાકોર,** ઉ.વ.આ.–૧૮, (જન્મ તા.૨૭–૦૬–૨૦૦૧) રહે.– વિષ્ણુપુરા (ખરવડા), તા.– વિસનગર, જી.– મહેસાણાનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫ (૨) અન્વયે **વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન ફ. ગુન્હા રજીસ્ટ્રેશન નં.૬૨/૨૦૧૯થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ સાથે વાંચતા કલમ–૫૧૧** ના ગુના સબબ **૦૫(પાંચ) વર્ષની સખત કેદની સજા તથા રૂ. ૫,૦૦૦/–** (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ના ભરે તો વધુ ૦૫(પાંચ) મહીનાની કેદની સજા ભોગવે તેવો હુકમ કરવામાં આવે છે.

૩).. આ કામના આરોપી, **સરદારજી S/o અજમલજી ચેલાજી ઠાકોર,** ઉ.વ.આ.–૧૮, (જન્મ તા.૨૭–૦૬–૨૦૦૧) રહે.–વિષ્ણુપુરા (ખરવડા), તા.– વિસનગર, જી.– મહેસાણાનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫ (૨) અન્વયે **વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન ફ. ગુન્હા રજીસ્ટ્રેશન નં.૬૨/૨૦૧૯થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(બી)ના ગુના સબબ** ૦૩(ત્રણ) વર્ષની **સખત** કેદની સજા અને **રૂ. ૩,૦૦૦/–** (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ના ભરે તો વધુ ૦૩(ત્રણ) મહીનાની કેદની સજા ભોગવે તેવો હુકમ કરવામાં આવે છે.

૪).. આ કામના આરોપી, **સરદારજી S/o અજમલજી ચેલાજી ઠાકોર,** ઉ.વ.આ.–૧૮, (જન્મ તા.૨૭–૦૬–૨૦૦૧) રહે.– વિષ્ણુપુરા (ખરવડા), તા.– વિસનગર, જી.– મહેસાણાનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫ (૨) અન્વયે **વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન ફ. ગુન્હા રજીસ્ટ્રેશન નં.૬૨/૨૦૧૯થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(ડી)(૧)** મુજબના ગુના સબબ ૦૧(એક) વર્ષની **સખત** કેદની સજા અને **રૂ.૨,૦૦૦/–** (અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ના ભરે તો વધુ ૦૨(બે) મહીનાની કેદની સજા ભોગવે તેવો હુકમ કરવામાં આવે છે.

૫).. આ કામના આરોપીએ કુલ દંડની રકમ **રૂ. ૧૦,૦૦૦/–** (અંકે રૂપિયા દશ હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.

૬).. આ કામના આરોપી દંડની રકમ ભરપાઇ કરે તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭(૧) હેઠળ આરોપીના કૃત્યથી

ભોગબનનાર/ફરિયાદીએ ભોગવેલ માનસીક ત્રાસ બદલ દંડની પુરે પુરી રકમ **રૂ. ૧૦,૦૦૦/–** (અંકે રૂપિયા દશ હજાર પુરા) ફરિયાદી/ભોગબનનારને વળતર પેટે અપીલ સમય વિત્યેથી નિયમ મુજબ ચુકવી આપવા.

- ઉપરોકત તમામ સજા આરોપીએ એકી સાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

- ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ આરોપીએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ જ્યુડીશીયલ કસ્ટડીનો સમયગાળો આરોપીને મુળ સજા સામે મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામના મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

- આ હુકમની એક ખરી નકલ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩ (૧) મુજબ આ કામના આરોપીને વિના મુલ્યે આપવા હુકમ કરવામાં આવે છે.

- આ હુકમની એક ખરી નકલ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૫ મુજબ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહેસાણાને મોકલી આપવી.

- આ કામના આરોપીને આ હુકમની એક નકલ વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજરોજ તારીખ ૦૭ મી માહે માર્ચ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.– ૦૭/૦૩/૨૦૨૬
સ્થળ – વિસનગર.

(પ્રવિણભાઈ જોઈતાભાઈ ચૌધરી )
**જજ, સ્પેશ્યલ કૉર્ટ (એટ્રોસીટી) અને**
**ત્રીજા એડીશનલ સેશન્સ જજ,**
**મુ.વિસનગર.**
UIC No.GJ–00661

પી.એસ. મહેશ જી. રાવલ.